Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૫ મું. સંવત ૨૦૦૪.

આત્મ
સં. ૫૨

અંક ૧૦ મો જુન : વૈશાખ



વાર્ષિક લવાજમ રૂા. ૩-૧-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | ચંદનબાળાની વીરપ્રભુને વિનંતિ ... ... | ( ઝવેરી મૂળચંદ આશારામ વેરાટી ) | ૧૮૧ |
| ૨ | દ્વાદસાર નયચક્ર–મહાશાસ્ત્ર ... ... | ( મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ ) | ૧૮૨ |
| ૩ | વિષ બિન્દુ ... ... ... ... | ( મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ ) | ૧૯૫ |
| ૪ | વિચારશ્રેણી ... ... ... ... | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૯૮ |
| ૫ | શ્રી મહાવીર પ્રભુનું સ્તવન ... ... ... | ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) | ૨૦૦ |
| ૬ | વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... | | ૨૦૨ |
| ૭ | સ્વીકાર–સમાલોચના ... ... ... ... ... ... ... | | ૨૦૩ |


## આ માસમાં નવા થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧ | શેઠ કેશવલાલ વજેચંદ | પેટ્રન સાહેબ | મુંબઇ |
| ૨ | શેઠ જમનાદાસ મોનજીભાઇ ઝવેરી | ,, | ,, |
| ૩ | શેઠ વીરચંદ પાનાચંદ | ,, | સમઢીઆળા |
| ૪ | શ્રી શાન્તાક્રુઝ જૈન તપગચ્છ સંઘ | (૧) લાઇફ મેમ્બર | શાન્તાક્રુઝ |

## નમ્ર નિવેદન.

દર ઇંગ્રેજી મહિનાની પહેલી તારીખે " આત્માનંદ પ્રકાશ " માસિક પ્રગટ થાય છે, જેથી લેખક મુનિ મહારાજાઓ તથા જૈન બંધુઓએ ઉપરોક્ત તારીખની પંદર દિવસ પહેલાં લેખો મોકલવા તસ્દી લેવી.

## આનંદજનક સમાચાર.

પવિત્ર શ્રી શત્રુંજયગિરિ યાત્રામાટે પાલીતાણા રાજ્ય આપણી પાસેથી દર વર્ષે સાઠ હજાર રૂપિયા ( રૂા. ૬૦૦૦૦ ) નો વેરો લેતું હતુ, તે સૌરાષ્ટ્ર સરકારે જૈન પ્રજાની લાગણીને માન આપી તે વેરો કાયમને માટે માફ કર્યો છે, જેથી સૌરાષ્ટ્ર સરકારને આ સભા હાર્દિક અભિનંદન આપે છે અને અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની કમીટીના પ્રમુખ સાહેબ શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ અને સ્થાનિક સભ્યોએ કરેલ તે પ્રયત્ન માટે અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપવા સાથે આ સભા પોતાનો આનંદ વ્યક્ત કરે છે.

## અમારૂં નવું પ્રકાશન.

### ૧ શ્રી દ્વાદશાર નયચક્રસાર–ગ્રંથ ( મૂળ ટીકા સાથે )

તાર્કિક શિરોમણિ, નયવાદપારંગતવાદિપ્રભાવક આચાર્યશ્રી મલ્લવાદિ ક્ષમાશ્રમણ વિરચિત મૂળ અને ટીકાના પ્રણેતા સમર્થ તાર્કિક આચાર્યશ્રી સિંહસૂરગણિ ક્ષમાશ્રમણ એકંદરે સ્વપર વાઙ્મય વિષયક પાંડિત્યના ક્ષેત્રમાં કેવું વિશાલ પ્રભુત્વ ધરાવતા હતા ? તે આ અપૂર્વ ગ્રંથ બતાવે છે; તેમજ આ ગ્રંથના પ્રકાશનથી વિદ્યમાન–અવિદ્યમાન ભારતીય આર્યદાર્શનિક સાહિત્ય અને તેને લગતા ઇતિહાસ ઉપર વિશિષ્ટ પ્રકારે પ્રકાશ પાડતો આ નયનો અઢારહજાર શ્લોક પ્રમાણ અપૂર્વ ગ્રંથ છે. કે જે વિદ્વાનો, સાહિ-

ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૪. વૈશાખ. પુસ્તક ૪૫ મું.

વિક્રમ સં. ૨૦૦૪. :: તા. ૧ લી જુન ૧૯૪૮ :: અંક ૧૦ મો

## ચંદનબાળાની વીર પ્રભુને વિનંતિ.

યોગી ખડા હે દ્વાર, પીંગલા ! ( એ રાગ )

તપસી ખડા હે દ્વાર, ચંદના, તપસી ખડા હે દ્વાર !
વીર ! ખડા હે દ્વાર, ચંદના, તપસી ખડા હે દ્વાર ! ૧

અડદ બાકુળા લેઇ ચંદના, તપસી હયો મુજ આહાર !!
ઊણા અભિગ્રહ દેખી વીરજી, પાછા ફરે મૂકી દ્વાર ! ચંદના તપસી ! ૨

વ્યાકુળ ચંદના અશ્રુ વહેતી, પાછા વળો યોગી નાથ !!
પૂરા અભિગ્રહ દેખી વીરજી, આવે ચંદના દ્વાર ! ચંદના તપસી ! ૩

અડદ બાકુળા વહોર્યા વીરજી, ચંદના ખૂલ્યા તુજ ભાગ્ય !!
બેડી બંધન તૂટ્યાં તહારા, ખૂલ્યા મુક્તિ દ્વાર ! ચંદના તપસી ! ૪

"**વૈરાટી**" પ્રભુ આંગણુ આવો, ભાગે ભવ અંધકાર !!
જ્યોતિ મીલે તુજ જ્યોતિ સાથે, સ્વપ્ન હુવો સંસાર !! ચંદના તપસી ! ૫

રચયિતા—**ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ जयन्तु जिनेन्द्राः ॥

તાર્કિકશિરોમણિ વાદિપ્રભાવક આચાર્યપ્રવર શ્રીમલ્લવાદિક્ષમાશ્રમણકૃત

# द्वादशारनयचक्र-મહાશાસ્ત્ર

લેખકઃ—મુનિરાજ શ્રીજમ્બૂવિજયજી મહારાજ

( ગતાંક પૃષ્ઠ ૧૬૮થી શરૂ )

## ગ્રંથ અને ગ્રંથકારો

**अभिधर्मपिटक**—अभिधर्मागमोपि, एवमभिधर्मेऽप्युक्तम्, उक्तं वोऽभिधर्म एव-વિગેરે નામોલ્લેખપૂર્વક **મલ્લવાદી** આચાર્યે "चक्षुर्विज्ञानसमङ्गी नीलं विजानाति नो तु नीलमिति, धर्मो नामोच्यते नामकायः, सञ्चितालम्बनाः पञ्च विज्ञानकायाः—ઇત્યાદિ અનેક વચનો અભિધર્મપિટકમાંથી ઉદ્ધૃત કર્યાં છે. આ **અભિધર્મ** તે **અભિધર્મપિટક** જ છે-એમ ટીકાકારે કરેલી વ્યાખ્યા ઉપરથી સ્પષ્ટ જણાય છે. બૌદ્ધ ગ્રંથોમાં આવતા ઉલ્લેખો ઉપરથી પણ આ હકીકતને પુષ્ટિ મળે છે. આ અભિધર્મપિટક તે અત્યારે સંસ્કૃત ભાષામાં લુપ્ત થઈ ગયેલું અને ચીનીભાષામાં અનુવાદરૂપે જ મળતું સર્વાસ્તિવાદિપરંપરાનું અભિધર્મપિટક છે.

**प्रकरणपाद्**—यत्तु प्रकरणपादेऽप्युक्तम्-એવા ઉલ્લેખપૂર્વક **મલ્લવાદીએ** એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે. તપાસ કરતાં જણાય છે કે, ચીનીભાષામાં અનુવાદરૂપે મળતો સ્થવિર **વસુમિત્ર** વિરચિત[1] अभिधर्मप्रकरणपाद અથવા प्रकरणपाद નામનો જે ગ્રંથ છે તે જ અહીં વિવક્ષિત છે. કેમ કે બીજા કોઇ **પ્રકરણપાદ** ગ્રંથનું નામ અમે સાંભળ્યું નથી.

**चतुःशतक**—विजानाति न विज्ञानमेकमर्थद्वयं यथा। एकमर्थं विजानाति न विज्ञानद्वयं तथा ॥ २६८ ॥ **આર્યદેવ**વિરચિત **ચતુઃશતક**ના શ્લોકને ટીકાકારે વારંવાર ઉદ્ધૃત કર્યો છે.

**वसुबन्धु**—यच्चाप्यभिहितमभिधर्मकोशे એવા ઉલ્લેખપૂર્વક એક પાઠને ઉદ્ધૃત કરી તેની **મલ્લવાદીએ** વિસ્તૃત ચર્ચા કરી છે. આ ભાગ ગદ્ય હોવાથી **અભિધર્મકોશની**

---

૧ જુઓ Nanjio's Catalogue of the Chinise Tripitak, i, 33। तत्त्वसंग्रहनी ઈંગ્લીશ પ્રસ્તાવના, પૃ. ૫૫ અભિધર્મકોશની પ્રસ્તાવના પૃ. ૧૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારિકાઓમાં મળવાનો સંભવ જ નથી. પણ આના ઉપર **વસુબંધુ**એ ભાષ્ય રચેલું છે. તેના **લાવાલી પૂષિ**ને કરેલા ફ્રેંચ ભાષાનુવાદમાં બરાબર મળી આવે છે.

**ततोऽर्थाद् विज्ञानं प्रत्यक्षम्**—આ વસુબંધુના પ્રત્યક્ષલક્ષણનો પણ ઉલ્લેખ આવે છે.

**दिङ्नाग**—વસુબંધુના શિષ્ય **દિગ્નાગ**નો જૈન સાહિત્યમાં ઘણે સ્થળે **दिन्न** નામથી ઉલ્લેખ આવે છે. **ચીની** [1]સાહિત્યમાં તેની **चेन्न** નામથી પ્રસિદ્ધિ છે. **दिङ्नाग** વસુબંધુનો શિષ્ય હતો, એ વાત ટિબેટિયન તથા ચીની પંરપરામાં પણ મનાય છે. નયચક્રમાં પણ એવા જ ઉલ્લેખો મળી આવે છે. જેમકે—**इदानीं वसुबंधोः स्वगुरोः "ततोऽर्थाद् विज्ञानं प्रत्यक्षम्" इति ब्रुवतो यदुत्तरमभिहितं परगुणमत्सराविष्टचेतसा तत्त्वपरीक्षायां परमोदासीनचेतसा तु येन केनचिदभिप्रायेण स्वमतं दर्शितमेव दिन्नेन वसुबन्धुप्रत्यक्षलक्षणं दूषयता।**

પ્રસ્તુત ગ્રંથમાં **दिग्नाग**નાં અનેક વચનોની **મલ્લવાદી**એ સમાલોચના કરી છે અને અનેક કારિકાઓ ઉદ્ધૃત કરેલી છે. આ બધાં અવતરણો **दिग्नाग**ના [2]પ્રમાણસમુચ્ચય, [3]ન્યાયમુખ, આલંબનપરીક્ષા[4] ઇત્યાદિ અનેક ગ્રંથોમાંથી લેવામાં આવ્યાં હશે, એમ લાગે છે. તે તે ગ્રંથો ઉપર દિગ્નાગે બનાવેલી ટીકાગ્રંથોમાંથી ઘણે સ્થળે પાઠો લેવામાં આવ્યા છે, એમ જણાય છે. એક સ્થળે **सामान्यपरीक्षा** ગ્રંથનો ઉલ્લેખ આવે છે. પૂર્વાપર પ્રસંગથી આ પણ **દિગ્નાગ**રચિત જણાય છે. કદાચ **પ્રમાણસમુચ્ચય**ના કોઈ ભાગનો જ **સામાન્યપરીક્ષા**રૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો હોય એ પણ બનવાજોગ છે. **દિગ્નાગે** નાનાંમોટાં સો પ્રકરણોની રચના કરી હતી. **વાદન્યાય**ની **શાંતરક્ષિત**વિરચિત વ્યાખ્યામાં (પૃ. ૧૪૨) દિગ્નાગના એક **न्यायपरीक्षा** ગ્રંથનો પણ ઉલ્લેખ આવે છે. અત્યારે લગભગ આ બધા જ ગ્રંથો સંસ્કૃત ભાષામાં નષ્ટ થઈ ગયા છે. કેટલાક ગ્રંથોના ટિબેટિયન તથા ચીની અનુવાદો અત્યારે પણ મળી આવે છે. આ અનુવાદોના આધારે પૌર્વાત્ય તથા પાશ્ચાત્ય અનેક વિદ્વાનો સંસ્કૃતમાં તેની પુનર્ઘટના કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તેવા સંશોધકોને-વિદ્વાનોને આમાંથી અતિવિપુલ સામગ્રી મળશે એ નિઃશંક છે.

---

૧ જુઓ, હ્યુએનત્સાંગની ભારતયાત્રા. On Yvan Chawang's Travels in India (By WATTERS. Vol. II, p. 210).

૨. આ ગ્રંથનું પ્રથમ પ્રકરણ મ્હૈસુર યુનિવર્સીટિથી પ્રકાશિત થયું છે.

૩. આ ગ્રંથનો ચીની ભાષા ઉપરથી પ્રો. ટયુચીએ ઇંગ્લીશ ભાષામાં કરેલો અનુવાદ **જર્મનીથી** પ્રસિદ્ધ થયો છે.

૪. આ ગ્રંથ **આડયર લાયબ્રેરી**( **મદ્રાસ**-પ્રાન્ત )થી પ્રસિદ્ધ થયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**हस्तबालप्रकरणं**—એક સ્થળે "**रज्ज्वां सर्प इति ज्ञानं रज्जुदृष्टावनर्थकम् । तदंशदृष्टौ तत्रापि सर्पवद् रज्जुविभ्रमः ॥ १ ॥**" આ પ્રકારનો એક શ્લોક **મલ્લવાદી**એ ઉદ્ધૃત કર્યો છે. પાશ્ચાત્ય વિદ્વાન્ **એફ. ડબલ્યુ થોમસે** (F. W. Thomas) એક **હસ્તવાલ પ્રકરણ** (?) નામના ગ્રંથને ટિબેટિયન તથા ચીની ભાષાનુવાદ ઉપરથી સંસ્કૃતમાં તૈયાર કર્યો છે. તેમાં આ કારિકા બરાબર મળી આવે છે. ચીની પરંપરા આ ગ્રંથને **દિગ્નાગ**-કર્તૃક માને છે. ટિબેટિયન પરંપરા **આર્યદેવ**કર્તૃક માને છે.

**वसुरात**—" इति **भर्तृहर्यादिमतम्** । **वसुरातस्य भर्तृहर्युपाध्यायस्य** मत तु " આ પ્રકારના ઉલ્લેખપૂર્વક **વાક્યપદીય**કાર ભર્તૃહરિના ગુરુ **વસુરાત**ના મતનું વિસ્તારથી પ્રતિપાદન કરીને **एवं तावद् भर्तृहर्यादिदर्शनमयुक्तम्** । **यत्तु वसुरातो भर्तृहरेरुपाध्याय......** **મલ્લવાદી**એ **વસુરાત**ના મતની સમાલોચના કરી છે. **ભર્તૃહરિ**ના ગુરુ **વસુરાત** છે, એવો ઉલ્લેખ વાક્યપદીય( કાંડ-૨ )ની પુણ્યરાજકૃત ટીકામાં પણ આવે છે. પરંતુ આમાં વિશિષ્ટતા એ છે કે હજુ સુધી કોઇ પણ સ્થળે વસુરાતના મતનું પ્રતિપાદન અથવા નિરાકરણ નામોલ્લેખપૂર્વક મારા જોવામાં આવ્યું નથી. એ આ નયચક્રમાં સૌથી પહેલું જ જોવા મળે છે. નયચક્ર ઉપરથી એ પણ જાણી શકાય છે કે-**अशक्तेः सर्वशक्तेर्वा शब्दैरेव प्रकल्पिता । एकस्यार्थस्य नियता क्रियादिपरिकल्पना ॥ २ । १३२ ॥** આ ભર્તૃહરિએ જણાવેલો મત તે તેના ગુરુ વસુરાતનો છે. ઇસ્વીસન ૫૫૭ થી ૫૬૯ વચ્ચે **પરમાર્થે**[1] ચીની ભાષામાં **વસુબંધુ**નું ચરિત્ર[2] લખ્યું છે. તેમાં જણાવ્યું છે કે-મહાવૈયાકરણ વસુરાતે વસુબંધુએ રચેલા અભિધર્મકોશમાં વ્યાકરણ સંબંધી દોષોનું ઉદ્ભાવન કર્યું હતું. અને પછી વસુબંધુએ પણ તેનું ખંડન કરવા માટે એક સ્વતંત્ર ગ્રંથ બનાવ્યો હતો. બધા જ વિદ્વાનો ભર્તૃહરિને આ મહાવૈયાકરણ વસુરાતના શિષ્ય તરીકે માને છે.

**भर्तृहरि**—ભર્તૃહરિનાં અનેક વચનો ઉપર આચાર્ય મલ્લવાદીએ ઊહાપોહ કર્યો છે.

**तन्त्रा(न्त्रार्थ)संग्रह—सोदाहरणं त्वस्य व्याख्यानं तन्त्रा(न्ता)र्थसंग्रहादिभ्योऽधिगन्तव्यम्**- આ રીતના ઉલ્લેખપૂર્વક એક વૈયાકરણ સિદ્ધાંત સંબંધી **તંત્રાર્થસંગ્રહ** ગ્રંથનો ટીકાકારે ઉલ્લેખ કર્યો છે. આ ગ્રંથ કયો ? તે હજુ સુધી જાણવામાં આવ્યું નથી.

**वाक्यकार**—જેમ પાણિનિ વ્યાકરણ ઉપર કાત્યાયને વાક્યાત્મક ટીકા રચી છે. તેવા જ પ્રકારની વૈશેષિક સૂત્ર ઉપર એક વાક્યાત્મક ટીકા હતી, તેના કર્તા વાક્યકાર તરીકે પ્રસિદ્ધ હશે-એમ સ્પષ્ટ રીતે નયચક્રમાં આવતી ચર્ચા ઉપરથી જણાય છે. આ વાક્યકારના મતનું નામોલ્લેખપૂર્વક મલ્લવાદીએ ખંડન કર્યું છે. **निष्ठासम्बन्धयोरेककालत्वात्**-આ

૧. જુઓ, જર્નલ ઓફ ધી રોયલ એસિઆટિક સોસાયટી, લંડન, સને ૧૯૧૮. એપ્રીલનો અંક.

૨. આ ચરિત્ર 'તોઙ્-પો' નામના ફ્રેંચ પત્રમાં પ્રસિદ્ધ થયું છે. સને ૧૯૦૪ જુલાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાક્ય વાક્યકારનું છે, એ પણ ખ્યાલમાં રહે. જો કે વાક્યપદીય ત્રીજા કાંડની હેલારાજ કૃત વ્યાખ્યામાં વાક્યકારનો ઘણે સ્થળે ઉલ્લેખ આવે છે; પરંતુ એ વાક્યકાર પાણિનિ વ્યાકરણ ઉપર વાર્તિકની રચના કરનાર **કાત્યાયન** છે. કણાદપ્રણીત વૈશેષિક સૂત્ર ઉપર વાક્યની રચના કરનાર વાક્યકાર તેનાથી ભિન્ન છે. વાચકો એ પણ ખ્યાલમાં રાખે કે ન્યાયભાષ્યમાં પણ આવાં ઘણાં વાક્યો મળે છે, તેથી વાક્ય એ એક સંક્ષિપ્ત ટીકાનો જ પ્રકાર છે. આ ગ્રંથ અત્યારે અનુપલબ્ધ છે.

**भाष्यकार**—ઉપર જણાવેલ વાક્ય ઉપર કોઇ ભાષ્યકારે ભાષ્યની રચના કરી હતી. આનું પણ મલ્લવાદીએ ખંડન કર્યું છે. **इति तु वाक्यकाराभिप्रायोऽनुसृतो भाष्यकारैः**-આ ઉલ્લેખથી એ પણ જણાય છે કે **વાક્યકાર** અને **ભાષ્યકાર** ભિન્ન હતા. **સ્યાદ્વાદરત્નાકર**માં **વાદિદેવસૂરિએ** એક **આત્રેય** નામના વૈશેષિક સૂત્ર ઉપર ભાષ્યકારનો પુનઃ પુનઃ ઉલ્લેખ કર્યો છે. મલ્લવાદિએ જેનો ઉલ્લેખ કર્યો છે તે ભાષ્યકાર અને **આત્રેય** ભાષ્યકાર એક છે કે કેમ તે જાણવાનું નિશ્ચિત સાધન હજુ નથી મળ્યું.

**टीकाकारप्रशस्तमति**—ઉપર જણાવેલ ભાષ્ય ઉપર **પ્રશસ્તમતિ** નામના વિદ્વાને ટીકા રચી હતી, એમ ઉલ્લેખો ઉપરથી જણાય છે. આ૦ શ્રીમલ્લવાદીએ પ્રશસ્તમતિની ઘણે સ્થળે સમાલોચના કરી છે. આ પ્રશસ્તમતિનો ઉલ્લેખ **તત્ત્વસંગ્રહ** વિગેરેમાં પણ આવે છે.

**कटन्दी**—વૈશેષિકસૂત્રની કે ન્યાયસૂત્રની એક **કટંદી** નામની ટીકા હતી, એમ જણાય છે. આ૦ શ્રી**મલ્લવાદી**એ આ **કટંદી** ટીકાની વિસ્તારથી સમાલોચના કરી છે. **પ્રશસ્ત**-પાદ ભાષ્ય ઉપર એક **શ્રીધર**રચિત **કંદલી** ટીકા મળી આવે છે, પરંતુ કટંદી અને કંદલી ભિન્ન છે. **મૂલકાર** આ૦ શ્રીમલ્લવાદી અને ટીકાકાર આ૦ શ્રી**સિંહસૂરગણિ ક્ષમાશ્રમણ**-બંને આચાર્યો શ્રીધર કરતાં ઘણા પ્રાચીન છે.

**आचार्य सिद्धसेन—तथा चाचार्यसिद्धसेन** आह-" **यत्र ह्यर्थो वाच्यं व्यभिचरति नाभिधानं तत्** "—[१]આ પ્રકારના ઉલ્લેખપૂર્વક **સિદ્ધસેન** આચાર્યના નામે શબ્દનયનું લક્ષણ ટીકાકારે ઉદ્ધૃત કર્યું છે. આ સિદ્ધસેનાચાર્ય સિદ્ધસેન દિવાકર જ હોય, એમ લાગે છે. આ વાક્ય અત્યારે તો **શ્રીસિદ્ધસેન દિવાકરજી**ના કોઈ પણ ગ્રંથમાં નથી મળતું. સંભવ છે કે-શ્રી**સિંહસૂર ગણિ ક્ષમાશ્રમણે** જે **નયાવતાર**નો ઉલ્લેખ કર્યો છે તેમાં આ વાક્ય હોય.

" **कुतो ज्ञायते ? इति चेत्, सत्तार्था इत्यविशेषेणोक्तत्वात्** " **अस्ति-भवति-विद्यति-**

૧. तथा चोच्यते-આવા ઉલ્લેખપૂર્વક **તત્ત્વાર્થ** ટીકામાં **સિદ્ધસેન ગણિ**એ પણ " यत्र ह्यर्थो वाच्यं न व्यभिचरत्यभिधानं तत्॥ " આ વાક્ય ઉધ્ધૃત કર્યું છે. ( પૃ. ૧૧૬ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**पद्यति-वर्ततयः सन्निपातषष्ठाः सत्तार्थाः** " [ ] **इत्यविशेषेणोक्तत्वात् सिद्धसेनसूरिणा** " આવે પણ એક ઉલ્લેખ આવે છે. આ વાક્ય દિવાકરજીના કયા ગ્રંથમાં હશે ? આ સિવાય સંમતિતર્કમાંથી ઘણી ગાથાઓ શ્રી**સિદ્ધસેનાચાર્ય**ના નામે ઉદ્‌ધૃત કરવામાં આવી છે.

**सांख्य—सम्बद्धादेकस्मात् प्रत्यक्षाच्छेषसिद्धिरनुमानम्** ॥ આ સાંખ્યોના આર્યાર્ધને ભાષ્ય સાથે મલ્લવાદીએ ઉદ્‌ધૃત કરી તેના ઉપર ખૂબ વિવેચન કર્યું છે. આ આર્યાર્ધ કયા ગ્રંથમાં હશે તથા આ ભાષ્ય કર્યું હશે ?–એ જાણવામાં આવતું નથી. **ઉદ્યોતકરે** પણ **ન્યાયવાર્તિક** (પૃ. ૫૭)માં આની સમાલોચના કરી છે.

**तथैतदर्थसम्बन्धिनी व्याख्यातैव द्वितीया गाथा—**

**" सुखं च दुःखं चानुशयं च वारेणायं सेवते तत्र तत्र ।**
**विशन्ति योनिं व्यतिरेकिणस्त्रयः अजस्तु जायामतिमत्यशुद्धः ॥ १ ॥ "**

આ પ્રમાણે એક સાંખ્ય સંબંધી ગાથા ટીકાકારે ઉદ્‌ધૃત કરી છે. આ કયો ગ્રંથ હશે કે જેમાં આ ગાથા હશે ?–એ નથી જણાતું.[1] ગ્રંથકારે સાંખ્યદર્શન સંબંધી જે વિસ્તૃત

---

૧. વસ્તુતઃ આ ગાથાની રચના જોતાં એમ લાગે છે કે એ વેદની હોવી જોઇએ, અને તેમાં પણ ખાસ કરીને ઉપનિષદ્‌માં હશે એમ જણાય છે. પૂર્વાપર મેળવતાં, આ શ્રી**મલ્લવાદિ** ક્ષમાશ્રમણે અહિં નિમ્ન લિખિત ત્રણ ગાથાઓ સાથે જ ઉદ્ધૃત કરી છે એમ સ્પષ્ટ જોઇ શકાય છે.

**अजामेकां लोहित-शुक्ल-कृष्णां बह्वीः प्रजाः सृजमानां सरूपाः ।**
**अजो ह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगामजोऽन्यः ॥ १ ॥**

**सुखं च दुःखं चानुशयं च वारेणायं सेवते तत्र तत्र ।**
**विशन्ति योनिं व्यतिरेकिणस्त्रयः अजस्तु जायामतिमत्यशुद्धः ॥ २ ॥**

**उभा सखायौ सयुजा सपर्णौ एकं वृक्षं परिषस्वजाते ।**
**तयोरेकः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्न्योऽभिचाकशीति ॥ ३ ॥**

આથી જ ટીકાકાર શ્રી**સિંહસૂર** ક્ષમાશ્રમણજીએ तथैतदर्थसम्बन्धिनी व्याख्यातैव '**द्वितीया**' **गाथा**–એમ જણાવ્યું છે. આમાં ૧લી અને ૩જી ગાથા પૂર્વાપરભાવે બરાબર સાથે જ **શ્વેતાશ્વતર** ઉપનિષદમાં જ (અ. ૪, શ્લે. ૫, ૬) મળે છે. સંભવ છે કે–વચલી सुखं दुःखं च......... । ગાથા પણ બીજી બે ગાથાઓની સાથે **શ્વેતાશ્વતર**માં જ હોય. જો કે મુદ્રિત શ્વેતાશ્વરમાં એ ગાથા નથી જ, એટલે તેમાં હોવાની સંભાવના કરવી એ સાહસ જ છે; પરંતુ અધ્યાપક ગુરુપરંપરાના ભેદથી તથા શાખાભેદ આદિ કારણોથી વિપુલ ભારતીય ગ્રંથરાશિમાં આવા પાઠહાનિવૃદ્ધિનાં અનેક ઉદાહરણો મળી આવે છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચર્ચા કરી છે, તે ઈશ્વરકૃષ્ણકૃત સાંખ્યકારિકામાં માત્ર સૂચનરૂપે જ મળે છે. સાંખ્યદર્શનનો કોઈ વિશિષ્ટ ગ્રંથ અવશ્ય હશે કે જેમાં આ બધો વિસ્તાર હશે.

આ સિવાય બીજાં અનેકાનેક વચનો તે તે દર્શનની ચર્ચામાં ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે, જેનાં મૂલ શોધવાનું કામ સંશોધકોનું છે. વેદ–ઉપનિષદ–પાણિનિવ્યાકરણ–વાર્તિક–મહાભાષ્ય–ચરકસંહિતા આદિ ગ્રંથોમાંથી પણ અનેક વચનો ગ્રંથકારોએ ઉદ્ધૃત કર્યાં છે. માત્ર દાર્શનિક સાહિત્યમાં નહિ, પણ બીજા અનેક સાહિત્યિક ક્ષેત્રોમાં પણ ગ્રંથકારો પારંગત હતા–એ વાત ગ્રંથનું એક સ્થૂલ અવલોકન કરવાથી પણ સ્પષ્ટ જાણી શકાય છે.

ટીકાનું નામ **ન્યાયાગમાનુસારિણી**[૨] છે–આગમિક વાતો પણ તેમાં એટલી બધી વિશિષ્ટ મળી આવે છે કે જે બીજા આગમિક સાહિત્યમાં ભાગ્યે જ જોવામાં આવે છે.

**नैतत् स्वाभिप्रेतोपपत्तिबलादेव । किं तर्हि ? भगवदर्हदाज्ञापि तथोपश्रूयते–" सव्व-जीवाणं पि " [ नन्दीसूत्र ] इत्यादि अक्खराणक्खरसुतादिभेदेन श्रुतज्ञानप्ररूपणायामेकेन्द्रिय-स्वामिकमुक्तं सूत्रे । तथा भाष्येऽपि–" तं पि जति आवरिज्जेज्ज तेण जीवो अजीवतं पावे । सुट्ठुवि मेहसमुदये होइ पहा चंदसूराणं ॥ १ ॥** આ પ્રમાણે એક સ્થળે ટીકામાં ઉલ્લેખ છે. આના ઉપરથી સ્પષ્ટ જોઇ શકાય છે કે "**सव्वजीवाणं पि**" એ સૂત્ર છે. અને **तं पि जति**......ગાથા એ ભાષ્યની ગાથા છે. અત્યારે તો આ સૂત્ર અને ભાષ્ય–બંનેય સૂત્રરૂપે જ માનવામાં આવે છે. નંદીસૂત્રના ટીકાકારોએ પણ આ સ્થળે કંઈ પૃથક્કરણ કર્યું નથી. નન્દીસૂત્રના ચૂર્ણિકાર તથા ટીકાકારો કરતાં પ્રાચીન પરમવિદ્વાન્ શ્રીસિંહસૂરગણિ જેવા ક્ષમાશ્રમણનું કથન નિરાધાર તો ન જ હોય–ન જ સંભવે. શું તેમની પાસે કોઈ એવી વિશિષ્ટ પરંપરા હશે કે જે પ્રચલિત નન્દીસૂત્રના અમુક ભાગને સૂત્ર તરીકે તથા અમુક ભાગને પૃથક્ ભાષ્ય તરીકે માનતી હશે ? જો કે બૃહત્કલ્પસૂત્રના ભાષ્યમાં **तं पि जति आवरिज्जेज्ज...** ગાથા થોડા પાઠભેદ સાથે મળે છે. પરંતુ નન્દીસૂત્રના "**सव्वजीवाणंपि**" પાઠને ઉદ્ધૃત કરીને તેની સાથે જ રહેલી **तं पि जति**......ગાથાને સૂત્રરૂપે ન ઉદ્ધરતાં બૃહત્કલ્પભાષ્યમાંથી લઈને ભાષ્યને નામે ગ્રંથકાર ઉદ્ધૃત કરે એ સંભવિત છે.

---

છતાં પણ જો કોઇ મહાનુભાવ આ સંબંધમાં વિશિષ્ટ પ્રકાશ પાડશે તો અમે તેમનો અંતઃકરણથી આભાર માનીશું.

૨. **સુસુમુ યામાગુચી** નામના જાપાનીઝ પંડિતે સંપાદિત કરેલો मध्यान्तविभागटीका નામનો એક ગ્રંથ જાપાનથી પ્રકાશિત થયો છે. ટીકાકારનું નામ **સ્થિરમતિ** છે. આ સ્થિરમતિએ પણ પોતાની ટીકાનું आगमानुसारिणी નામ રાખ્યું છે. આ ગ્રંથ વસુબંધુપ્રણીત મધ્યાન્તવિભાગસૂત્રભાષ્યની ટીકારૂપ છે. સ્થિરમતિનો સમય ઇસ્વીસન ૫,મી શતાબ્દી માનવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આ૦ શ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણનો સમય.

ટીકાકાર શ્રીસિંહસૂરગણિ ક્ષમાશ્રમણ વિક્રમના સાતમા શતકમાં થઈ ગયા છે, એ હકીકત આગળ ' ટીકાકારના સમય 'માં જણાવવામાં આવશે. એટલે આ૦ શ્રી**મલ્લવાદીજી** તેમના પૂર્વે થયા છે એ સુનિશ્ચિત છે. આ૦ શ્રીમલ્લવાદીએ નયચક્રમાં જે જે વાકયકારાદિ ગ્રંથકારોનો તથા ગ્રંથોનો નિર્દેશ કર્યો છે તેમાંના ઘણાખરા એટલા બધા અજ્ઞાત છે કે તેમનો આ૦ શ્રી**મલ્લવાદી**ના સમયનિર્ણયમાં અત્યારે ખાસ ઉપયોગ થાય તેમ નથી. માત્ર વસુબંધુ, દિઙ્નાગ, આ૦ શ્રીસિદ્ધસેનદિવાકરજી તથા ભર્તૃહરિ જ સમયચર્ચામાં મુખ્યત્વે ઉપયોગી છે. દિવાકરજીના ન્યાયાવતારની દિગ્નાગના પ્રમાણસમુચ્ચય તથા ન્યાયમુખાદિની તુલના કરતાં જણાય છે કે દિવાકરજીની સામે દિગ્નાગની કૃતિઓ હશે[1]. પછી

---

૧. પં. શ્રીસુખલાલજીએ તેમના ન્યાયાવતારના ગુજરાતી વિવેચનની પ્રસ્તાવનામાં ન્યાયાવતારની ન્યાયપ્રવેશ સાથે વિસ્તારથી તુલના કરેલી છે. આ ન્યાયપ્રવેશ ગાયકવાડ ઓરિએન્ટલ ઇન્સ્ટીટયુટ તરફથી પ્રકાશિત થયો છે અને તેમાં તેના કર્તાને **દિગ્નાગ** જણાવેલ છે, પરંતુ ઘણા વિદ્વાનો એને **શંકરસ્વામિ**રચિત જ માને છે. અસ્તુ. ગમે તે હો. એમ હોય તો પણ શંકરસ્વામીએ દિગ્નાગના પ્રમાણસમુચ્ચય–ન્યાયમુખાદિ ગ્રંથોને અનુસરીને જ ન્યાયપ્રવેશની રચના કરી છે એ વાત નિર્વિવાદ છે.

પ્રમાણસમુચ્ચયાદિ દિગ્નાગના ગ્રંથોમાંથી ઉધ્ધૃત કરેલાં વચનો પાછળના કેટલાક ગ્રંથોમાં મળી આવે છે. હમણાં પ્રમાણવાર્તિકાલંકાર નામનો ગ્રંથ અમારી પાસે આવ્યો છે. આ ગ્રંથના કર્તાનું નામ **પ્રજ્ઞાકરગુપ્ત** છે. જૈનાચાર્યોએ ઘણે જ સ્થળે આ ગ્રંથને સામે રાખ્યો છે. अन्तरा भवदेहोऽपि सूक्ष्मत्वान्नोपलभ्यते । निष्क्रामन् प्रविशन् वापि नाभावोऽनीक्षणादपि ॥ १ ॥ આ પ્રસિદ્ધ શ્લોક પણ આ પ્રમાણવાર્તિકાલંકારમાંથી ( પૃ, ૧૦૯ )જ ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. આ ૧૬૦૦૦ શ્લોકપ્રમાણ મહાગ્રંથ અત્યાર સુધી તો નષ્ટ જ મનાતો હતો, પરંતુ હમણાં થોડા વર્ષો પૂર્વે જ અથાગ પ્રયત્નના અંતે બૌદ્ધભિક્ષુ રાહુલ સાંકૃત્યાયનને ટિબેટના કોઇ સ્થળેથી આ ગ્રંથ મળી આવ્યો હતો. તેના ઉપરથી રાહુલજીએ ત્યાં જ કોપી કરી લીધી હતી. અને તે શ્રીમાન્ જિનવિજયજી પાસેથી અમને પ્રાપ્ત થઇ છે. આમાં દિગ્નાગના ઉધ્ધૃત કરેલાં એવાં કેટલાંક વચનો છે કે જેની ન્યાયાવતાર સાથે તુલના કરી શકાય તેમ છે. ઉદાહરણ તરીકે–**नन्वाचार्यस्य** ( दिङ्नागस्य ) पक्षवचनमभिमतमेव । यदाह–

स्वनिश्चयवदन्येषां निश्चयोत्पादनेच्छया । पक्षधर्मत्वसम्बन्धसाध्योक्तेरन्यवर्जनम् ॥ १ ॥
[ प्रमाणसमुच्चय ] ( वार्तिकालं पृ. ७४७ )

તુલના–स्वनिश्चयवदन्येषां निश्चयोत्पादनं बुधैः ।

परार्थं मानमाख्यातं............ ॥ १ ॥ [ न्यायावतार ]

આ સિવાય બીજાં પણ અનેક તુલનીય સ્થળો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભલે દિવાકરજી દિગ્નાગના સમકાલીન હોય. એટલે દિવાકરજીનો સમય દિગ્નાગના સમય સાથે સંબંધ ધરાવે છે એમ કહી શકાય. દિગ્નાગ વસુબંધુનો શિષ્ય હતો. વસુબંધુનું આયુષ્ય ૮૦ વર્ષનું હતું. એટલે દિગ્નાગનો સમય પણ લગભગ વસુબંધુના સમયની આસપાસ જ ગણાય. વસુબંધુનો સમય વિવાદગ્રસ્ત છે. ભિન્ન ભિન્ન ઐતિહાસિકો વસુબંધુનો ભિન્ન ભિન્ન સમય કલ્પે છે, પણ તેમાં વિક્રમની ૪ થી શતાબ્દી વસુબંધુનો સમય હોવાની માન્યતા જ વધારે પ્રામાણિક જણાય છે.[૨]

ભર્તૃહરિનો સમય વિચારણીય છે. ચીની યાત્રી ઈત્સિંગે તેની ભારતયાત્રામાં જણાવ્યું છે કે "ભર્તૃહરિ નામે એક શૂન્યતાવાદી મહાન્ બૌદ્ધ પંડિત હતો. તેણે સાત સાત વાર બૌદ્ધભિક્ષુત્વ સ્વીકારીને તેનો સાંસારિક મોહથી ત્યાગ કર્યો હતો. તેનું મૃત્યુ થયે આજે ૪૦ વર્ષ થયાં છે." ઇત્સિંગે આ યાત્રાવૃત્તાન્ત ઈસ્વીસન ૬૯૧ માં લખ્યું હતું એમ માનવામાં આવે છે. આને આધારે ઐતિહાસિકો વાકયપદીયકાર ભર્તૃહરિનો સમય વિ૦ ૫૭૫ થી ૬૫૦ સુધીનો માની લે છે, પરંતુ આ માન્યતા બીલકુલ સંગત નથી. વાકયપદીયનું સ્થૂલ અવલોકન કરવાથી પણ સ્પષ્ટ જોઇ શકાય છે કે વાકયપદીયકાર ભર્તૃહરિ 'શૂન્યતાવાદી બૌદ્ધ' નહોતો પણ શબ્દાદ્વૈતવાદી મહાવૈદિક-વૈદિકશિરોમણિ હતો. વાકયપદીયકાર ભર્તૃહરિ 'શૂન્યતાવાદી બૌદ્ધ' હોય અને તેણે સાત સાત વાર બૌદ્ધભિક્ષુત્વ ગ્રહણ કરીને તેનો ત્યાગ કર્યો હોય-એ કોઈપણ રીતે સંભાવ્ય જ નથી. તેમજ અનેક પ્રમાણો એ વાતમાં સાક્ષી પૂરે છે કે ભર્તૃહરિ વસુરાતનો શિષ્ય હતો. ઉપર કહેવાઇ ગયું છે કે વસુરાત વસુબંધુનો સમકાલીન હતો. વિક્રમની ૬-૭ મી શતાબ્દિમાં થયેલ ઇત્સિંગાભિપ્રેત ભર્તૃહરિ વિક્રમની ૪ થી શતાબ્દિમાં થયેલા વસુરાતનો શિષ્ય હોય એ તો કોઈપણ રીતે સંભવે જ નહિ. આ સંબંધમાં ડોકટર તકકુશનું એવું કહેવું છે કે— "ભર્તૃહરિને વસુરાતનો સાક્ષાત્ શિષ્ય ન માનતાં પરંપરાશિષ્ય માનવો. આથી ઉપરની આપત્તિ ટળી જાય છે." પરંતુ ડો. તકકુશની આ દલીલ નિરાધાર અને અર્થહીન છે. ઇત્સિંગાભિપ્રેત ભર્તૃહરિ અને વાકયપદીયકાર ભર્તૃહરિના નામસામ્યથી ઐકયની જે રૂઢ અને ભ્રાન્ત માન્યતા બંધાઇ ગયેલી છે તેનું યથાકથંચિત્ ઉપપાદન કરવાનો જ એમાં

૨ જુઓ "અર્લી હીસ્ટરી ઓફ ઇન્ડીઆ." (Early History of India, By Vincent A Smith) વસુબંધુના સમયસંબંધમાં ભિન્ન ભિન્ન સંશોધકોએ કરેલી ચર્ચા જાણવા જેવી છે. જુઓ. "હીસ્ટરી ઓફ ઇન્ડીઅન લિટ્રેચર. ભા. ૨. (History of Indian literature. By પ્રો. વિન્ટરનીઝ) । તત્ત્વસંગ્રહની ઈંગ્લીશ પ્રસ્તાવના । અભિધર્મકોશ(કાશી વિદ્યાપીઠ)ની સંસ્કૃત પ્રસ્તાવના.। જર્નલ ઓફ ધી રોયલ એસિઆટિક સોસાયટી(લંડન)ના સન ૧૯૦૫ ના અંકમાં ડો. તકકુશનો લેખ. આ ડો. તકકુશનો લેખ ખૂબ વિસ્તૃત છે અને તેમાં જાણવાલાયક ખૂબ વિચારસામગ્રી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રયાસ છે. જો ઇત્સિંગનું કથન પ્રમાણિક હોય તો ઇત્સિંગાભિપ્રેત ભર્તૃહરિ વાકયપદીયકાર ભર્તૃહરિથી ભિન્ન જ છે. કદાચ એ પણ સંભવ છે કે—ઇત્સિંગે જેનો ઉલ્લેખ કર્યો છે તે ભર્તૃહરિ **નીતિ-શૃંગાર-વૈરાગ્યશતકકાર** ભર્તૃહરિ જ હશે. આચાર્યશ્રીમલ્લવાદીએ જેનો નિર્દેશ કર્યો છે તે વાકયપદીયકાર ભર્તૃહરિનો સમય પણ વિક્રમની ચતુર્થ શતાબ્દિ આસપાસ જ હોવો જોઇએ.

પ્રસિદ્ધ મીમાંસાશ્લોકવાર્તિકકાર **કુમારિલ ભટ્ટ** તથા પ્રમાણવાર્તિક-પ્રમાણવિનિશ્ચયાદિ ગ્રંથના પ્રણેતા પ્રખર બૌદ્ધ તાર્કિક **ધર્મકીર્તિ**નું મૂલમાં કે ટીકામાં કયાંયે નામનિશાન નથી. એટલે આ. શ્રી**મલ્લવાદી** આ બંનેથી પૂર્વે થઇ ગયા છે એ સુનિશ્ચિત છે. શ્રી**જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણજીએ વિશેષાવશ્યકભાષ્ય તથા વિશેષણવતીમાં કેવલજ્ઞાન તથા કેવલદર્શનના યુગપદ્વાદની વિસ્તારથી સમાલોચના કરી છે. **સંમતિ**ટીકાકાર શ્રીઅભયદેવસૂરિજી જણાવે છે કે-આ યુગપદુપયોગપક્ષ આ. શ્રીમલ્લવાદિનો છે.[1] વિશેષાવશ્યકભાષ્યની રચના વિક્રમ સં. ૬૬૬માં થઇ છે.

---

૧ આ. શ્રી હરિભદ્રસૂરિ મ. વિગેરે અનેક પૂર્વાચાર્યોએ દિવાકરજીને યુગપદુપયોગવાદી તરીકે જ વર્ણવ્યા છે, પરંતુ સંમતિટીકાકાર શ્રીઅભયદેવસૂરિજીએ દિવાકરજીને ઉપયોગાભેદવાદી તરીકે અને આ. શ્રીમલ્લવાદીને યુગપદુપયોગવાદી તરીકે વર્ણવ્યા છે. આથી એ સહજ પ્રશ્ન ઊભો થાય છે કે આમાં સત્ય શું છે? પં. સુખલાલજીએ આ સંબંધમાં જ્ઞાનબિંદુની પ્રસ્તાવનામાં ખૂબ ઊહાપોહ કર્યો છે. મને તો એમ લાગે છે કે અનેક પૂર્વાચાર્યો દિવાકરજીની ગાથાઓનો યુગપદુપયોગવાદપરકજ અર્થ કરતા હતા. આ વાતનું સૂચન ખુદ સંમતિની અભયદેવસૂરિકૃત ટીકામાં પણ મળી આવે છે. આથી શ્રીહરિભદ્રસૂરિ મ. આદિ અનેક પૂર્વાચાર્યોએ દિવાકરજીનું યુગપદુપયોગવાદી તરીકે કરેલું વર્ણન યથાર્થ જ છે. આ વાતનું સમર્થન બીજા એક આધારથી પણ થાય છે. દિગંબર સંપ્રદાયમાં હમણાં ધવલા-જયધવલા-મહાધવલા ટીકાઓ સાથે **ષટ્‌ખંડાગમ** આદિ પ્રાચીન સિદ્ધાંત ગ્રંથો પ્રગટ થાય છે. આ ધવલા આદિમાં દિવાકરજીના **સંમતિ** ગ્રંથમાંથી અનેકાનેક ગાથાઓ **સંમતિસૂત્ર**ના નામોલ્લેખપૂર્વક ઉષ્કૃત કરવામાં આવી છે. (कषायप्राभृत भा. १)ની જયધવલાટીકામાં સંમતિની ઉપયોગવાદ સંબંધી અનેક ગાથાઓ ઉષ્કૃત કરીને તેનો યુગપદુપયોગવાદપરક જ અર્થ કરેલો જોવામાં આવે છે. આ હકીકત એ વાતને પુષ્ટ કરે છે કે દિવાકરજીની સંમતિની ગાથાઓનો યુગપદુપયોગવાદપરક જ અર્થ કરનારી પણ એક મોટી પરંપરા હતી.

આ. શ્રી**મલ્લવાદી સંમતિ**ના-સંભવતઃ-સૌથી પ્રાચીન ટીકાકાર છે. અને તેમણે દિવાકરજીની ગાથાઓનો યુગપદુપયોગવાદપરક જ અર્થ કર્યો હશે, પરંતુ ટીકાકાર શ્રીઅભયદેવસૂરિજી દિવાકરજીની ગાથાઓનો ઉપયોગાભેદવાદપરક અર્થ કરનાર વર્ગના છે. તેથી તેમણે દિવાકરજીને ઉપયોગાભેદવાદીરૂપે વર્ણવ્યા છે અને આ. શ્રીમલ્લવાદીને યુગપદુપયોગવાદીરૂપે વર્ણવ્યા છે તે પણ યથાર્થ જણાય છે. કદાચ એ પણ બનવાજોગ છે કે આ. શ્રીમલ્લવાદીએ બીજે સ્થળે યુગપદુપયોગવાદનું સ્વતંત્રતયા સમર્થન કર્યું પણ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે અંતર્ગત પ્રમાણો વિચારવાથી એ હકીકત ફલિત થાય છે કે-આ. શ્રી-મલ્લવાદી વિક્રમની ચતુર્થ શતાબ્દિના અંતિમ ભાગથી વિક્રમની ૭મી શતાબ્દિના મધ્ય ભાગ સુધીમાં ગમે ત્યારે થયા હોવા જોઇએ.

બાહ્ય પ્રમાણો તપાસતાં **પ્રભાવકચરિત્ર**માં આ. શ્રીમલ્લવાદિના સમય સંબંધમાં એક નીચે મુજબ શ્લોક મળી આવે છે.

" **श्रीवीरवत्सरादथ शताष्टके चतुरशीतिसंयुक्ते ।**
**जिग्ये स मल्लवादी बौद्धांस्तद्व्यन्तरांश्चापि ॥ ८३** "

**[ विजयसिंहसूरिप्रबन्ध ]**

–શ્રી **વીર** સં. ૮૮૪માં ( = વિક્રમ સં. ૪૧૪ ) તે **મલ્લવાદી**એ બૌદ્ધો તથા બૌદ્ધ-વ્યંતરો ઉપર વિજય મેળવ્યો." પ્રભાવકચરિત્રકાર શ્રીપ્રભાચન્દ્રસૂરિજી સામે અવશ્ય કોઈ એવી પરંપરા હશે કે, જેના આધારે તેઓએ આ. શ્રીમલ્લવાદીના બૌદ્ધવિજયનો વિ. સં. ૪૧૪નો સમય જણાવ્યો છે. હજુ સુધી કોઇ એવું પ્રમાણ મને નથી મળ્યું કે, જે આમાં બાધક હોય. જ્યાં સુધી કોઇ બાધક પ્રમાણ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રભાવક-ચરિત્રકારે આપેલા સમયને સ્વીકારી લેવામાં કોઇ દોષ મને જણાતો નથી.

## ટીકાકાર શ્રીસિંહસૂર ગણિવાદિ ક્ષમાશ્રમણનો સમય

શ્રીસિંહસૂરગણિ ક્ષમાશ્રમણે તેમની ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ બૃહત્કાય ટીકામાં કુમારિલ-ધર્મકીર્તિનો ઉલ્લેખ ન કર્યો હોવાથી વિક્રમની આઠમી સદીના પ્રસિદ્ધ વિદ્વાન્ કુમારિલ-ધર્મકીર્તિથી તેઓ પૂર્વે જ થયા છે, એ સુનિશ્ચિત છે.

**जं चोद्दसपुव्वधरा...॥ १ ॥ पण्णवणिज्जा भावा...॥ २ ॥ अक्खरलंभेण समा ॥३॥**– આ ત્રણ ગાથાઓ તેમણે વિશેષાવશ્યકભાષ્યમાંથી[1] નયચક્રટીકામાં ઉદ્ધૃત કરી હોય તેમ જણાય છે. વિશેષાવશ્યકભાષ્યની રચના વિક્રમ સં. ૬૬૬ માં થઇ હોવા વિષે એક જેસ-લમેરની પ્રાચીન પ્રતિના ઉલ્લેખ[2] ઉપરથી અનુમાન છે. આથી સિંહસૂરગણિ ક્ષમાશ્રમણ શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણના લઘુસમકાલીન હશે–એમ લાગે છે. તેમનો સમય વિક્રમ સં. ૬૨૫ થી ૭૦૦ ઘણા ભાગે હશે. આ હકીકત બીજી વાતથી પણ પુષ્ટ થાય છે. તત્ત્વાર્થ-ટીકાકાર શ્રી**સિદ્ધસેનગણિ**એ ટીકાને અંતે એક ગુરુપરંપરાસૂચક નીચે મુજબની પ્રશસ્તિ આપી છે.

---

૧ વિશેષાવશ્યકભાષ્યમાં पण्णवणिज्जा ॥ १ ॥ जं चोद्दस ॥ २ ॥ अक्खरलंभेण ॥ ३ ॥ એવા ક્રમભેદથી ગાથાઓ મળે છે.

૨ જુઓ. સિંઘીસ્મારક અંકમાં ( ભારતીય વિદ્યા ) શ્રી જિનવિજયજીનો લેખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आसीद् दिन्नगणिः क्षमाश्रमणतां प्रापत् क्रमेणैव यो
विद्वत्सु प्रतिभागुणेन जयिना प्रख्यातकीर्तिर्भृशम् ।
वोढा शीलभरस्य सच्छ्रुतनिधिर्मोक्षार्थिनामग्रणीः
जज्वालामलमुच्चकैर्निजतपस्तेजोभिरव्याहतम् ॥ १ ॥

यत्र स्थितं प्रवचनं पुस्तकनिरपेक्षमक्षतं विमलम् ।
शिष्यगणसम्प्रदेयं जिनेन्द्रवक्त्राद् विनिष्क्रान्तम् ॥ २ ॥

तस्याभूत् परवादिनिर्जयपटुः सैंहीं दधच्छूरतां
नाम्ना व्यज्यत सिंहसूर इति च ज्ञाताखिलार्थागमः ।
शिष्यः शिष्टजनप्रियः प्रियहितव्याहारचेष्टाश्रयाद् ।
भव्यानां शरणं भवौघपतनक्लेशार्दितानां भुवि ॥ ३ ॥

निर्धूमतमःसंहतिरखण्डमण्डलशशांकसच्छाया ।
अद्यापि यस्य कीर्तिर्भ्रमति दिगन्तानविश्रान्ता ॥ ४ ॥

शिष्यस्तस्य बभूव राजकशिरोरत्नप्रभाजालक-
व्यासङ्गच्छुरितस्फुरन्नखमणिप्रोद्भासिपादद्वयः ।
भास्वामीति विजित्य नाम जगृहे यस्तेजसां सम्पदा ।
भास्वन्तं भवनिर्जयोद्यतमतिर्विद्वज्जनाग्रेसरः ॥ ५ ॥

क्षमया युक्तोऽतुलया समस्तशास्त्रार्थविन्महाश्रमणः ।
गच्छाधिपगुणयोगाद् गु(ग)णाधिपत्यं चकाराध्र्यम् ॥ ६ ॥

तत्पादरजोऽवयवः स्वल्पागमेशमुषीकबहुजाडयः ।
तत्त्वार्थशास्त्रटीकामिमां व्यधात् सिद्धसेनगणिः ॥ ७ ॥

આ પ્રશસ્તિમાં શ્રી **સિદ્ધસેન** ગણિએ **દિન્નગણિ** ક્ષમાશ્રમણના શિષ્ય અને **ભાસ્વામિ**ગણિ ક્ષમાશ્રમણના ગુરુ જે પરવાદિનિર્જયપટુ અને અખિલાગમના જ્ઞાતા **સિંહસૂર** આચાર્યનું વર્ણન કર્યું છે તે જ નયચક્ર ટીકાકાર **सिंहसूरगणि वादिक्षमाश्रमण** જણાય છે. જો કે નયચક્રટીકામાં સંધિવાક્યોમાં બે સ્થળે **सिंहसूरिगणि** એવો જ નામોલ્લેખ છે પરંતુ **सूरि** અને **गणि** એકાર્થવાચી શબ્દો હોવાને લીધે **सिंहसूरगणि** પાઠ જ શુદ્ધ છે.

For Private And Personal Use Only

તત્ત્વાર્થટીકાકાર શ્રીહરિભદ્રસૂરિએ[1] તેમની ટીકામાં (પૃ. ૧૧૭, ૧૨૧, ૧૩૩, ૧૫૬, ૨૦૬, ૨૪૭,૨૪૮,) '**आचार्य**' '**गुरु**' તથા **वृद्ध** શબ્દથી સિદ્ધસેનાચાર્યના અભિપ્રાયનો અનેક વાર ઉલ્લેખ કર્યો છે. શ્રીહરિભદ્રસૂરિ મહારાજનો સમય વિક્રમ સં. ૭૫૦ થી ૮૨૫ સુધીનો ઐતિહાસિક સંશોધકો માને છે. સિદ્ધસેનગણિએ તત્ત્વાર્થ ટીકામાં (પૃ. ૩૭) દિગંબરાચાર્ય અકલંકના સિદ્ધિવિનિશ્ચયનો ઉલ્લેખ કરેલો છે. અકલંક ચરિત્રમાં "**विक्रमार्कशकाब्दीयशतसप्तप्रमाजुषि। कालेऽकलङ्कयतिनो बौद्धैर्वादो महानभूत् ॥ १ ॥**"—આ પ્રમાણે અકલંકના બૌદ્ધવાદિવિજયનો સમય વિક્રમાર્કશક ૭૦૦ આવે છે. કેટલાક વિદ્વાનો

---

૧. હારિભદ્રી ટીકા સિદ્ધસેનીયાથી પછી થયેલી છે—એ સિદ્ધ કરતા બીજા પણ ઘણા પુરાવા મેં એકઠા કર્યા છે. સ્થલસંકોચના કારણે તથા અપ્રસ્તુત હોવાને લીધે અહીં એ ચર્ચા નથી કરતો; પણ જે મુખ્ય વાત જાણવા જેવી છે તે જણાવું છું:—

મુદ્રિત **હારિભદ્રી** વૃત્તિના અંતભાગમાં એક નીચે મુજબ પાઠ છપાયેલો છે:—

एतदुक्तं भवति– **हरिभद्राचार्येण** अर्धषण्णामध्यायानामाद्यानां टीका कृता । भगवता तु **गन्धहस्तिना सिद्धसेनेन** नव्या कृता तत्त्वार्थटीका नव्यैर्वादस्थानैर्व्याकुला । तस्या एव शेषमुद्धृतं चाचार्येण (शेषं मया) **स्वबोधार्थम्** । सात्यन्तगुर्वीयं डुपडुपिका टीका निष्पन्नेत्यलं प्रसङ्गेन । प्रस्तुत प्रारभ्यते ॥" (પૃ. ) આ પાઠ વિચારતાં એમ સ્પષ્ટ લાગતું હતું કે सिद्धसेनीया वृत्ति **શ્રીયશોભદ્રસૂરિશિષ્ય**ના કથન **પ્રમાણે** નવીન છે અને **તેથી** હારિભદ્રીયવૃત્તિ સિદ્ધસેનીયાથી પ્રાચીન જ હોવી જોઈએ. બીજી બાજુ **અમને** એવી જાતનાં પ્રમાણો મળ્યે જ જતાં હતાં કે જે સિદ્ધસેનીયા હારિભદ્રીવૃત્તિથી પ્રાચીન છે, એ વાતને સિદ્ધ કરતાં હતાં, એટલું જ નહિ પણ હારિભદ્રી સિદ્ધસેનીયાનો સંક્ષેપ છે એ વાતનું જ એમાંથી સૂચન મળતું હતું. આથી આ બંને ય વિરોધી સ્થિતિમાંથી માર્ગ કાઢવો અમને મુશ્કેલ લાગતો હતો, પરંતુ હમણાં મુનિરાજ શ્રીપુણ્યવિજયજી મહારાજે હસ્તલિખિત પ્રતિમાં આ સ્થળે જે પાઠ છે તે કૃપા કરી મોકલ્યો છે. તેના આધારે બધો જ વિરોધ દૂર થઈ જાય છે. એ પાઠ આ પ્રમાણે છે—

एतदुक्तं भवति– हरिभद्राचार्येण अर्धषण्णामध्यायानामाद्यानां टीका कृता । भगवता तु **गन्धहस्तिना सिद्धसेनेन** या कृता तत्त्वार्थटीका नयैर्वादस्थानैर्व्याकुला तस्या एव **शेषमु( षां उ )द्धृताऽऽचार्येण स्वबोधार्थम्** । सात्यन्तगुर्वो( र्व्ये )वं दुपुदुपिका टीका निष्पन्नेत्यलं प्रसङ्गेन......... ॥ (પૃ. ૧૫૬/૨).

વાચકો જોઈ શકશે કે આમાં **नव्य** એવો કોઈ શબ્દ જ નથી કે જે सिद्धसेनीयाने 'નવીન' સિદ્ધ **કરે**. લેખકે હરિભદ્રી–સિદ્ધસેનીયાના પૂર્વાપરભાવ વિષે મૌન જ ધારણ કર્યું છે એટલે બીજા પ્રમાણોથી જે સિદ્ધ થાય તે માનવું રહ્યું.

**પરમપૂજ્ય** શ્રી ૧૦૦૮ સાગરાનંદસૂરિજી મહારાજ સાહેબે કઈ પ્રતિના આધારે એ મુદ્રિત પાઠ **સંપાદિત** કર્યો છે તેની અમને ખબર નથી. એ સંબંધમાં અમારી તપાસ ચાલુ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનો શકસંવત અર્થ કરે છે. કેટલાક વિક્રમસંવત્ અર્થ કરે છે. પરંતુ બીજા અનેક પ્રમાણોથી વિક્રમસંવત જ અહીં સત્ય જણાય છે.

અકલંકે કુમારિલભટ્ટ તથા ધર્મકીર્તિ આદિના ખંડનમાં પોતાના ગ્રંથોનો મોટો ભાગ રોકયો છે. આ બધાનો વિચાર કરતાં નીચે મુજબ ક્રમસંભાવના ફલિત થાય છે.

૧. વિશેષાવશ્યકભાષ્યકાર શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ.
૨. નયચક્રટીકાકાર શ્રીસિંહસૂરગણિ ક્ષમાશ્રમણ.
૩. સિદ્ધિવિનિશ્ચયાદિ ગ્રંથના પ્રણેતા શ્રીઅકલંકદેવ.
૪. **ભાષ્યાનુસારિણી** તત્ત્વાર્થટીકાના કર્તા ગંધહસ્તી **શ્રીસિદ્ધસેનગણી**.
૫. ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા યાકિનીમહત્તરાસૂનુ શ્રીહરિભદ્રસૂરિ.

આ રીતે ગોઠવતાં ગંધહસ્તી શ્રીસિદ્ધસેનગણિ નયચક્રટીકાકાર શ્રીસિંહસૂરગણિ ક્ષમાશ્રમણના પ્રશિષ્ય પણ બરાબર ઘટી શકે છે.

## નયચક્ર નામની પાછળ રહેલું રહસ્ય.

ગ્રંથકારે **१ विधि २ विधि–विधि** આદિ નયોને પંક્તિમાં ન ગોઠવતાં ચક્રરૂપે ગોઠવ્યા છે તેમાં ખાસ વિશિષ્ટ આશય રહેલો છે. પંક્તિમાં ગોઠવવામાં આવે તો કોઇ નયને પ્રથમ અને કોઇ નયને અંતમાં ગોઠવવો જ પડે. ગ્રંથમાં નયોની રચના એવી છે કે પાછળનો નય અગાઉ આવી ગયેલા નયનું ખંડન કરે છે–એટલે અંતિમ ૧૨ મો નય બધાયે પૂર્વના નયોનું ખંડન કરીને વિજયી બની જાય; પરંતુ જો ચક્રમાં ગોઠવવામાં આવે તો અનુકૂલતા માટે ભલે કોઈ એક નયને પહેલો અને કોઇને અંતમાં મૂકવામાં આવે પણ ચક્રબદ્ધ હોવાને લીધે અંતિમ ૧૨ મા નયના વિરોધમાં તરત જ ૧ લો નય આવીને ઊભો રહે છે. એટલે એકાંતવાદી નયોના ખંડન–મંડનનું ચક્ર હંમેશાં ચાલ્યા જ કરે છે. એમાં કોઈનો અંતિમ વિજય થતો જ નથી. ગ્રંથના વિભાગોની કલ્પના ચક્રના વિભાગો જેવી હોવા માત્રથી જ ગ્રંથનું નયચક્ર નામ નથી, પરંતુ એ નામ રાખવા પાછળ ગ્રંથકારનો વિશિષ્ટ આશય રહેલો છે, એ આથી જાણી શકાય છે.

## અભ્યર્થના

ઉપર જે જણાવેલ છે તે સંબંધમાં કંઇ પણ વિશિષ્ટ જાણવામાં આવે તો તે વિષે પ્રકાશ પાડવા માટે વિદ્વાનોને મારી નમ્ર અભ્યર્થના છે.

( આ ગ્રંથ તૈયાર થયે **શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર**થી પ્રસિદ્ધ થવાનો છે.)

**मुनिराज श्री भुवनविजयान्तेवासी–मुनि जम्बूविजय.**

સંપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષબિન્દુ

લેખક–મુનિરાજ શ્રી ધુરન્ધરવિજયજી મહારાજ

વિનીતા નગરીના ચક્રવર્તી મહારાજા ભરતના પુત્ર મરીચિએ ભગવાન ઋષભદેવ પાસે દીક્ષા સ્વીકારી હતી. સમય જતા સંયમપાલન તેમને દુષ્કર લાગ્યું એટલે ત્રિદંડીનો વેષ વિરચી તેઓ પરિવ્રાજકપણે પ્રભુ સાથે વિહરતા હતા.

પોતાની નવીનતા એ કાલ્પનિક છે અને વાસ્તવિકતા તો શ્રી આદિનાથના શાસનમાં છે એ તેમને ચોક્કસ સમજાયું હતું; એટલે જ જે કોઈ આત્માર્થી આત્મહિતનો માર્ગ પૂછવા ત્યાં આવતો તેને તેઓ ભગવંતનું શાસન સમજાવતા ને ત્યાં મોકલતા.

એ પ્રમાણે દિવસો, મહિનાઓ, વર્ષો વીત્યાં: પાંચ પચ્ચીસ વર્ષો નહિં; પણ લાખો ને કરોડોની સંખ્યામાં વર્ષો પસાર થયાં.

× × ×

ભગવાન્ આદિનાથ અષ્ટાપદ પર નિર્વાણ પામ્યા પછી પણ પૂર્વની જેમ મરીચિની પ્રવૃત્તિ ચાલુ જ હતી. તેમના વર્તનમાં કાંઇ પણ પરિવર્તન ન હતું.

હવે તેઓ મુમુક્ષુઓને મુનિઓ પાસે મોકલતા અને આત્મકલ્યાણનો સત્ય માર્ગ બતાવતા. મુનિઓ સાથે રહેતા અને એક ગામથી બીજા ગામ ફરતા મરીચિ જીવનપન્થમાં પણ ઘણા આગળ વધ્યા હતા. તેમનું યૌવન અણી પર આવી ગયું હતું. દેહ પર આછા આછા વૃદ્ધવયના ચિન્હો જણાતા હતા. દૃઢકાયા પણ વિશેષ પરિશ્રમે પરિશ્રાન્ત જણાતી.

નબળા આત્મામાં ભાવરોગો જેમ ઘર કરે છે, પ્રવેશે છે તેમ નબળાં શરીરમાં વ્યાધિઓ પ્રવેશ કરી સ્થિર થાય છે.

મરીચિની મજબૂત કાયાને એકદા એકાએક વ્યાધિએ ઘેરી લીધી.

× × ×

વૃક્ષની શીતળ છાયામાં મૃગચર્મનું આસન લાંબું કરી તેના પર મરીચિ સૂતા હતા. બાજુમાં કમંડળ પડ્યું હતું, છત્ર–પાદુકા–ત્રિદંડ આદિ આજુબાજુમાં અસ્તવ્યસ્ત સ્થિતિમાં હતા. શરીરમાં ઉષ્ણ જ્વર હતો, હાડકામાં કળતર થતું હતું, માથામાં વેદના હતી, કંઠમાં શોષ હતો. ઊભા થતા પણ થાક લાગતો હતો. એ સ્થિતિમાં પણ મરીચિ પોતે પોતાને હાથે વારંવાર તરસ છીપાવવા કમંડલુમાંથી જલપાન કરતા હતા.

અંગારા જેવા ધગધગતા માથામાં પ્રવેશતો વિચારપ્રવાહ પણ ક્ષણમાત્રમાં લાવારસની માફક બહાર નીકળતો હતો.

આ સ્થિતિમાં ત્રણ દિવસ પસાર થયા.

× × ×

એકદા સાયંકાળે જ્વરગ્રસ્ત મરીચિને એક વિચાર આવ્યો કે—

"મારું કોણ?"

'મારી આ સ્થિતિ લાંબી ચાલે તો મારું કોણ? મારું કરનાર કોણ?'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'આ સાધુએ—મુનિએ અહિંથી વારંવાર પસાર થાય છે, આવે છે ને જાય છે. આજ ત્રણ દિવસ થયા તેઓએ મને એટલું પણ પૂછયું નથી કે તમને કેમ છે? કાંઇ કામ હોય તો કહેજો. તો સેવા–પરિચર્યાની વાત જ શી?'

'આ સાધુએ સર્વથા સ્વાર્થી છે, લોકવ્યવહારને પણ અનુસરતા નથી, હું વર્ષો થયા તેમની સાથે છું, તેમના શાસનમાં હજારો આત્માઓને મેં મોકલ્યા છે, હું તેમને લાખો વાતે ઉપયોગી થયો છું, આજે મારી આ સ્થિતિમાં તેમાંથી એક પણ મારાં કામમાં આવતો નથી. છે સ્વાર્થની સીમા!'

એ પ્રમાણે વિચારવમળ ચક્રાવા લેતું હતું. અશક્ત મન તેમાં ગૂંચવાઇ ગયું હતું. એ વિચાર ને વિચારમાં સાંજની સન્ધ્યા સમાપ્ત થઈ, રાત્રિ પોતાના કલંકિત સ્વામી શશધર સાથે આવી પહોંચી.

સાગરને હિલોળે ચડાવનાર ચન્દ્રમાએ પોતાના મરીચિ–કિરણો પ્રસાર્યા અને મરીચિના વિચાર–સાગરને હિલોળે ચડાવ્યો.

ચંદ્રમાએ મરીચિના શરીર પર શીતળ કર ફેરવી તનુ–મનની ઉષ્ણુતા–ઉગ્રતા દૂર કરી તો પણ તેના કલંકની કાળાશ પડ્યા વગર ન રહી. પૂર્વના વિચારે પલટો ખાધો, વિચારપ્રવાહે રાહ બદલ્યો. મરીચિને થયું કે—'ક્ષણભંગુર આ શરીર, એની ખાતર મેં મુનિઓને નિંદ્યા એ કોઇ રીતે ઉચિત નથી. જે ભવ્યાત્માઓને હું આ વિનશ્વર દેહની મમતાનો ત્યાગ કરવા સમજાવી ત્યાગધર્મના અનુયાયી બનાવું છું તે જ હું આ સડણ–પડણ ને વિધ્વંસન પુદ્ગલ માટે ત્યાગીઓને નિંદુ છું. ખરેખર મારી શોચનીય સ્થિતિ છે.'

'જે સંયમીઓ પોતાનું શરીર વ્યાધિગ્રસ્ત થાય છે ત્યારે તેની પણ સાર–સંભાળ નથી કરતા–કરાવતા, તે વ્રતનિષ્ઠો મારી અવિરતની પૃચ્છા પણ શા માટે કરે?'

'અવિરતને કુશલ પ્રશ્ન કરવા માટે પણ ભગવંત સર્વવિરતોને પ્રાયશ્ચિત્ત આપતા હતા અને ઉપદેશતા હતા. તે હું મારા સ્વાર્થ આગળ સાવ વિસરી ગયો.'

આ વિચાર શાન્ત થયો ત્યાં તો મરીચિના શરીરમાં–અશક્ત શરીરમાં કળતર થવા લાગ્યું, એટલે વળી વિકલ્પમાં મન ચડયું. મરીચિએ વિચાર્યું કે–

"હો કે ન હો પણ મારે આ શરીરની સારવાર ખાતર પણ એક સેવા કરનાર શિષ્યની અવશ્ય જરૂર પડશે. મારી સુકુમારતાને લીધે તો ત્યાગધર્મમાંથી હું આ સ્થિતિમાં રહું છું, તે જ હું વૃદ્ધવયમાં રોગગ્રસ્ત સ્થિતિમાં અસહાય રીબાઇ રીબાઈને મરણ પામું, તેવે સમયે મને સાચવનાર–આશ્વાસન આપનાર કોઇ સંગાથી હોય તો જ જીવનનાવ સલામત પાર ઊતરે"

'હવે મારે યોગ્ય કોઇ ભદ્ર મુમુક્ષુ આવશે, તો તેને મારી પાસે રાખીશ." એના એ વિચારમાં મરીચિ નિદ્રાધીન થયાં. શેષ રાત્રિ રહી ત્યારે સ્વપ્નસૃષ્ટિમાં પણ ભાવિ જીવનના પ્રવાહો વહેવા લાગ્યાં.

× × ×

મરીચિ હતાં તેવાં સ્વસ્થ થઇ ગયાં અને પૂર્વની માફક ભવિકોને મુનિમાર્ગ સમજાવી ભગવંતના ધર્મની આરાધનામાં જોડવા લાગ્યા.

એક સમય એક કપિલ નામે કુલપુત્ર જીવનહિતનું રહસ્ય સમજવા મરીચિ પાસે આવ્યો. મરીચિએ પોતાની ચિરંતન રીતિ પ્રમાણે આત્મશ્રેય: માટે જિનવરધર્મમાં જોડાવા સમજાવ્યું. એટલે કપિલે કહ્યું—

"જે ધર્મના તમે પોતે જ્યારે આટલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખાણ કરો છો તો શા માટે તમે તે નથી પાળતા ?"

"હું ? હું અશક્ત છું." મરીચિએ કહ્યું. વળી સમજાવ્યું કે-"હું ન આરાધી શકું તેથી આરાધકને હું અવળે રસ્તે દોરું એ તો ભયંકર પાપ છે. આમ્બાને ન આસ્વાદી શકનાર લીંબડાના કડવા ફળોને-લીંબોળીને આમ્બાના ફળો-કેરી તરીકે સમજાવનાર ખરેખર ખલ-દુર્જન છે; માટે જિંદગી સફળ કરવી હોય તો મુનિધર્મને અનુસરો." આમ સ્પષ્ટ કહ્યા છતાં કપિલે પૂછ્યું કે—

"આપ કહો છો તે ઠીક હશે, પણ તમે જે કરી રહ્યા છો તેમાં સર્વથા ધર્મ નથી શું ? મુનિધર્મ જેટલા ઊંચે પગથિયે ન પહોંચી શકનાર આપની જેવી સ્થિતિમાં કાંઇ પણ હિત ન સાધી શકે ?"

કપિલનો આવો વિચિત્ર સવાલ સાંભળી મરીચિએ વિચાર્યું કે-ખરેખર આ મારા જેવો જ લાગે છે, મારા સ્વપ્નાનુસાર આ મારો શિષ્ય થવાને લાયક છે. શરીરે સશક્ત ને જુવાન છે. આ સાથે હશે તો મને પણ ઠીક રહેશે. જ્યારે એ મોઢે ચડીને કહે છે તો આને જતો કરવો એ ઉચિત નથી.-એ વિચારી મરીચિએ ઉચ્ચાર્યું કે—

"**कविला इत्थंपि इहयंपि.**"

"કપિલ ! ધર્મ તો ભગવંતના શાસનમાં જ છે, પણ કાંઈક અહિં પણ છે."

કપિલે એ વચન સાંભળી મરીચિ પાસે પરિવ્રાજકપણું સ્વીકાર્યું-એ કપિલ એ જ સાંખ્ય દર્શનના પ્રથમ પુરુષ.

મરીચિએ વિષબિન્દુ સમા એક વાકયને ઉચ્ચારી ભવચક્રના ફેરાને વધારી મૂકયો-એક કોટાકોટિ સાગરપ્રમાણ સંસાર પરિભ્રમણ વધાર્યું.

વિચિત્રતા તો એ છે કે-વિષથી જીવનનો અંત આવે છે ત્યારે ઉત્સૂત્રવચનરૂપી વિષથી સંસારજીવન વધે છે. ઉત્સૂત્રવચનરૂપી વિષબીજમાંથી ઉત્પન્ન થએલા વૃક્ષો જ્યારે વિશ્વ ઉપર પથરાઇ જાય છે ત્યારે એક નહિં પણ અગણિત આત્માઓના અધ્યાત્મ જીવન એની છાયામાત્રથી નાશ પામે છે.

ઉત્સૂત્ર અને સૂત્ર એ સારી રીતે સમજવું જોઇએ. માર્ગ ઉપર ચાલતા માણસને ઉન્માર્ગ તરફ દોરવામાં આવે ને પછી તેની જે સ્થિતિ થાય એ જ સ્થિતિ ઉત્સૂત્રથી નીપજે છે.

મરીચિ એ જ ભવિષ્યના ભગવંત મહાવીર પોતે જ. એ વિષબિન્દુના વિષમય પરિણામો પોતાને કેવા ભોગવવા પડ્યા એ તેમણે ભાખ્યું છે.

કુતૂહલ ખાતર પણ કોઇ એવા વિષબિન્દુ ચાખવાની અભિલાષા ન કરો.

વિષમિશ્રિત દૂધ મિષ્ટ હોય તો પણ નિશ્ચિતપણે પ્રાણનાશક થાય છે એ જ પ્રમાણે ઉત્સૂત્રમિશ્રિત ધર્મવચનો પણ કલ્યાણનો વિધ્વંસ કરે છે.

**पयोऽपि विषसम्पृक्तं, हरत्यायुर्विनिश्चितम् ।**
**तद्वदेव वचः सूत्रविरुद्धं हन्ति श्रेयसम् ॥ १ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ‘ વિચારશ્રેણી ’

**લેખક–આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ**

સંસારમાં કેવળ આત્મવિકાસનું જ કાર્ય એવું છે કે જેમાં પરાધીનતાને અંશમાત્ર પણ અવકાશ નથી. તે સિવાયના કાર્ય માત્રમાં તો જગત પરાધીનતાની બેડીમાં જકડાઇ રહ્યું છે.

સમજીને કે સમજ્યા વગર પણ પોતાનો સ્વાર્થ સરતો જણાય તો જ માનવી બીજાના કહેવા પ્રમાણે માનવાને અને કરવાને તૈયાર થઇ જાય છે. ચાહે પછી કહેનાર ક્ષુદ્ર વાસના પોષવા જાળ જ કેમ ન પાથરતો હોય.

કોઇ અનુભવી ભોમિયો તમને અવળી દિશામાં જતાં જોઇને પૂછે કે–કયાં જવું છે? અને તમે તમારું ધ્યેય જણાવ્યા પછી તમને સવળી દિશાનું ભાન કરાવે તો–આ બધાય જનારા મૂર્ખ છે–અવળી દિશામાં પ્રયાણ કરનારાઓ તરફ આંગળી ચીંધીને તેનો અનાદર કરશો નહિં, પણ પ્રયાણની દિશા બદલજો.

નામઠામનો નિશ્ચય કર્યા વગર એક ડગલું પણ ભરશો નહિં, કારણ કે અનિશ્ચિત પ્રયાણથી ભૂલા પડશો તો ભોમિયો પણ માર્ગ નહિં બતાવી શકે.

અવગુણી આડંબરપ્રિય અજ્ઞાની જનતાથી જ માન મેળવી શકે છે કે જેમાં અવગુણો ઊઘાડા થતાં તિરસ્કારનો ભય રહેલો હોય છે, પણ સાચો ગુણવાન પોતાના આત્મા તથા ઉત્તમમોત્તમ પવિત્ર જ્ઞાની પુરુષોના તરફથી આદરસત્કાર મેળવે છે. અને તેમાં કોઇ પણ કાળે તિરસ્કારની છાયા સરખીયે હોતી નથી.

અવગુણી માયાવીપણે જનતામાં ગુણીપણાનો ભ્રમ ઉત્પન્ન કરીને ગમે તેટલો આદર–સત્કાર તથા માન–મોટાઇ મેળવી ખુશી મનાવે તોયે તેના હૃદયમાં તો તેટલો આનંદ તથા શાંતિ કે સંતોષ હોતો નથી કે જેટલો આનંદ અને શાંતિ–સંતોષ જનતાના આદરસત્કારની પરવા ન રાખનાર આત્માર્થી સાચા ગુણવાનમાં હોય છે.

સાચા ગુણવાનનો આત્મા બળવાન હોવાથી તેના ઉપર અવગુણીનો પ્રભાવ પડી શકતો નથી તેમજ સદ્ગુણીને અપકીર્તિ પણ ભયભીત કરી શકતી નથી.

અવગુણી ગુણવાનની કદર કરતો નથી તોયે ગુણોનો તો તિરસ્કાર કરી શકતો જ નથી અને તેનાથી નિરંતર દબાયલો જ રહે છે.

સાચા ગુણવાનનું જીવન સુખ–શાંતિમય હોય છે ત્યારે (ગુણાભાસ) કહેવાતા ગુણવાનના જીવનમાં અશાંતિ, ચિંતા તથા ઉદ્વેગનું મિશ્રણ હોય છે.

ગુણોનો સંગ્રહ કરનાર ભય–કલેશ તથા શોક–સંતાપથી મુક્ત હોય છે.

અવગુણોના પક્ષપાતી અવગુણોને જ ગુણ તરીકે મનાવવા પ્રયાસ કરે છે; કારણ કે જગત ગુણીનો જ આદર કરે છે.

કેટલાક માનવી ગુણોને ઓળખે છે અને તે તેમને ઘણા જ ગમે છે તોયે અવગુણને છોડીને ગુણોનો સહવાસ કરવો ગમતો નથી.

અજ્ઞાની જનતાને આશ્ચર્ય ઉત્પન્ન કરી આકર્ષણ કરે તેવા રૂપ–વય–કળા તથા ધનસંપત્તિવાળા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નો સ્નેહ મેળવીને જનતાને દેખાડવાને માનવી જેટલો ઉદ્યમી અને ઉત્સાહી રહે છે તેટલો જ જપ, તપ તથા સંયમ આદિથી પવિત્ર બનેલા પુરુષનો રાગી બની તેમની આચરણા આદરીને જનતાને દેખાડવાને નિરુત્સાહી તથા નિરુદ્યમી બને છે એ જ તેની મૂઢતા સૂચવે છે. સંસાર એક પ્રકારનું મ્યુઝીયમ છે. તેમાંની વૈષયિક વસ્તુઓના તમે દ્રષ્ટા છો પણ ભોક્તા નથી; કારણ કે તે તમારી વસ્તુ નથી છતાં મમતા કરીને ભોક્તા થવાનું સાહસ કરશો તો તમે કુદરતના અપરાધી બનવાની સજાનું પાત્ર બનશો.

રાગવાળી વસ્તુઓનો નિરંતર સંયોગ બન્યો રહેતો નથી તોયે મનોવૃત્તિમાં આલેખાયલી તેની આકૃતિને ઉપયોગમાં લઇને માનવી સંતોષ માને છે.

ઇર્ષ્યાના રોગથી હૃદયદાહ થતો હોય, બીજાની નિંદા તથા માઠા ચિંતવનથી માથું ચઢી જતું હોય, કામવાસનાથી તાણ આવતી હોય, કષાયથી મૃગિવાયુનો પ્રકોપ થતો હોય તો વીતરાગ પ્રભુના વચનરૂપ ઔષધનું સેવન કરશો તો જલદી આરામ થઇ જશે અને ભાવ રોગોથી મુક્ત થઇને શાશ્વતી આરોગ્યતા મેળવશો.

અશુભ વિચારોની આંકડી આવે ત્યારે જ્ઞાની પુરુષોના વચનની ફાકી લેશો એટલે ચૂંક આવતી તરત અટકી જશે.

ઉત્તમ પુરુષોના વાણી-વિચાર તથા વર્તનરૂપ ઔષધને વાપરીને નીરોગી બનવા તરફ લક્ષ આપશો; કારણ કે જીવન નીરોગી બનાવ્યા સિવાય આત્માનો ભાવરોગ મટશે નહિં.

સાદાઇ અને સત્યતા જીવનમાંથી શોક–સંતાપ-ભય તથા કલેશનો કચરો કાઢી નાંખીને તેને સ્વચ્છ બનાવે છે.

અવળે માર્ગે ચઢી જઇને આથડતા અણજાણને સન્માર્ગ બતાવી સુખી કરવાની સદ્બુદ્ધિ હોય તો નિઃસ્વાર્થ વૃત્તિથી અનુભવગમ્ય સાચું અને સાદું બોલીને સ્વ–પરનું હિત સાધો; પણ માત્ર બોલેલું સાંભળીને કે લખેલું વાંચીને મિથ્યાભિમાન પોષવાને ન સમજાય તેવી શબ્દાડંબરવાળી ભાષા બોલીને કે લખીને કુલાશો તો અસત્ પુરુષોના માર્ગને આવકારીને શ્રેયનો માર્ગ ચૂકી જશો.

વર્તન સિવાયના વાણીવિલાસથી કોઇની પણ આત્મશુદ્ધિ થઇ શકતી નથી, પણ ક્ષુદ્ર સ્વાર્થસિદ્ધિ થઇ શકે છે.

પોતે આદરીને અનુભવ મેળવ્યા સિવાય બુદ્ધિથી વસ્તુને વલોવી શકે પણ સાચા તત્વરૂપ માખણને કાઢી શકતા નથી, પરંતુ દૂધ ઉપર વળેલા ફીણના જેવા તત્ત્વાભાસને જ માખણ કહીને અણસમજુને સંતોષે છે.

આત્મવિકાસની ઇચ્છાવાળો કોઇની પણ વાગ્જાળમાં ફસાતો નથી, પણ સદાચારી સરળ આત્માનો દાસ બને છે. વિલાસી પોતાના વિચારોને સમજીને કરનારના અસદ્વર્તનની ઉપેક્ષા કરીને કેવળ તેના વચનોનો અનાદર કરી તેનું બહુમાન જાળવે છે અને તેની વાસનાઓને પોષે છે.

વિલાસના તાંતણાથી વણાયલું જીવન–દોરડું આત્માને ભવના કૂવામાંથી બહાર કાઢી શકતું નથી.

ઘણાખરા માનવી પોતે આદરેલી અવળી પ્રવૃત્તિને પણ યથાર્થપણાનું પ્રોત્સાહન મેળવવા પોતે માનેલા પ્રવીણ માણસો પાસેથી સમ્મતિ મેળવીને સંતોષ માને છે.

સ્વાર્થના અંગે માનવીને અહિતકારી પણ ગમતું કહેવામાં શત્રુતા સચવાય છે. અને નિઃ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર પ્રભુનું સ્તવન

સંગ્રાહક : ડૉક્ટર વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી.

( ગતાંક પૃષ્ઠ ૧૮૦ થી )

**ગાથા ૪.**

અગમ અગોચર અનુપમ અર્થનો,
કોણ કહી જાણે રે ભેદ;
સહજ વિશુદ્ધ રે અનુભવ વયણ જે,
શાસ્ત્રને સઘળા રે ખેદ. ( ૪ ) વીર.

**ભાવાર્થ:—** અલક્ષ્ય, અગોચર ને અનુપમ એવા અર્થનો–પદાર્થનો વસ્તુનો ભેદ કોણ કહી જાણે ? કોઇ નહીં. સિવાય કે સહજ વિશુદ્ધ એવું જે અનુભવ વચન તે જ કહી જાણે. અર્થાત્ અંતરાત્મા સાથે ગોષ્ટિ, વાર્તાલાપ કરતો–અનુભવ મિત્ર જ અંતર ભાષાથી તે કહી જાણે–બાકી આ બાબત જાણવા માટે શાસ્ત્ર તે તો સઘળા ખેદ જ છે, ખેદરૂપ–પરિશ્રમરૂપ જ છે. આ અગમ–અગોચર વાત જાણવા માટે શાસ્ત્ર, આગમ ઉથલાવવા તે ખેદપાત્ર ફળવાળા છે કારણકે અનુભવ કહ્યો જતો નથી, તો શાસ્ત્રવચન પણ તે કેમ કહી શકે ?

ત્યારે કોઇ કહે કે આ તમે શું કહો છો ? આ શાસ્ત્રો બધાં શું નકામા ? તેનો કાંઇ ઉપકાર નહિ ? તેનો ઉત્તર આપે છે—

---

સ્વાર્થપણે હિતકારી પણ અણગમતું કહેવાથી મિત્રતા ઝળકે છે.

અજ્ઞાનતાથી માનવી બીજાના કરતાં વધારે માયાની જાળ ગૂંથીને મિથ્યાભિમાની ફુલાય છે, તેમાં જરાય ડહાપણ પણ હોતું નથી છતાં પોતાને ઘણો જ બુદ્ધિશાળી માને છે.

મોતથી બચી જાણનાર જ બીજાને મોતથી બચાવી શકે છે, તે સિવાય તો મોતની જાળમાં ફસાવી શકે છે.

આત્માની સગાઇ રાખનાર પ્રભુને જલદી મેળવી શકે છે.

સાચી રીતે વિચાર કરશો તો સંસારમાં બધાય જડસ્વરૂપ દેહ તથા ધનસંપત્તિના સગા છે પણ આત્માનું સગું કોઈ નથી. એટલે જ રૂપ તથા વયહીન થતાં કે ધનહીન થતાં કોઈપણ સામું જોતું નથી.

જન્મવું–મરવું તો ઘણું જ સહેલું કામ છે કે જે સંસારવાસી દરેક કરી શકે છે; પણ અમર બનવું ઘણું જ કઠણ છે જે કોઇક જ ઉત્તમ આત્મા પ્રાપ્ત કરી શકે છે.

નિઃસ્વાર્થ વૃત્તિથી કોઇ નમીને ચાલે તો તેને હલકો સમજી તેનો તિરસ્કાર કરવાની ભૂલ કરશો નહિ; કારણ કે નમ્રતા ધારણ કરનાર ગુણી છે માટે તેનું અપમાન કરવાથી તમે જ હલકા માણસોની પંક્તિમાં ભળવા લાયક બનશો.

કોઇપણ પ્રકારના સ્વાર્થ સિવાય કોઇ–કોઇનું કહેવું માનતું નથી. માટે 'મારું કહેવું બધાય માને છે તેથી હું કાંઇક છું' એમ ધારીને ફૂલાશો તો મૂર્ખા બનશો.

તમારી આજ્ઞા બીજા ન માને તો તેમના ઉપર ગુસ્સે થઇને અપશબ્દોથી તેમનું અપમાન કરશો નહિ, કારણ કે તમારું પુન્ય કાચું છે એટલે તમારું કહેવું કોઈપણ માનશે નહિ.

પૌદ્ગલિક સુખ ભોગવવાની લાલચથી સંસારમાં પડી રહેવાની ઇચ્છાવાળાએ પુન્યનો સારી રીતે સંગ્રહ કરવાની જરૂરત છે, કારણ કે પુન્ય વગર સંસારમાં પડી રહેવું નકામું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગાથા–૫.**

દિશી દેખાડીરે શાસ્ત્ર સવી રહે, ન લહે અગોચર વાત;
કારજ સાધક બાધક રહિત જે, અનુભવ મિત વિખ્યાત
( ૫ ) વીર.

**ભાવાર્થ**:—સર્વ શાસ્ત્રો દિશા દેખાડીને જ રહે છે–અટકે છે કે જુઓ આ ફલાણો માર્ગ છે. તે માર્ગે ચાલ્યા જાઓ–આમ સામાન્યથી માર્ગદર્શન–દિશા દર્શન પૂરતો શાસ્ત્રનો ઉપકાર જરૂર છે અને તે અમને પરમ માન્ય છે. પણ તે શાસ્ત્ર પણ વચન અગોચર વાત લખી શકતા નથી–પામી શકતા નથી–કહી શકતા નથી; પણ આ બાબતમાં અનુભવની સ્થિતિ જુદા પ્રકારની છે કારણકે અનુભવને અગોચર કાંઇ છે જ નહિં. આ મિત્ર તો એવો સમર્થ છે–જબરો છે–કાબેલ છે કે ગમે ત્યાં પહોંચી આવે, એટલે તેને પ્રતિબંધક એવું કાંઇ બાધક કારણ નથી. આવો બાધક રહિત–કાર્યસાધક–અનુભવ મિત્ર વિખ્યાત છે–પ્રસિદ્ધ છે.

આ અનુભવ મિત્રને બાધક રહિત કાર્યસાધક કહ્યો, કારણ કે જ્યાં પરાવલંબન હોય ત્યાં બાધકપણું હોય પણ આત્માનુભવથીજ જ્યાં આગળ ધપવાનું છે ત્યાં પરાવલંબન નથી એટલે બાધકપણું નથી અને સ્વાવલંબન જ છે એટલે સાધકપણું છે. અત્રે તો ષટકારક આત્માલંબન જ છે. કર્તા આત્મા, કર્મ આત્મા, કરણ આત્મા, સંપ્રદાન આત્મા, અપાદાન આત્મા, અને અધિકરણ આત્મા.

**" आत्मा आत्मानं आत्मा आत्मने आत्मना आत्मनि जानाति, अनुभवति चेतयति "**

આત્મા આત્માને આત્માથી આત્માઅર્થે આત્મા-થકી આત્મામાં જાણે છે, અનુભવે છે–ચેતે છે.

સાધક કારક ષટક કરે ગુણ સાધના રે;
તેહિજ શુદ્ધ સ્વરૂપ થાયે નિરાબાધના રે.

( શ્રીમદ્ દેવચંદ્રજીકૃત મલ્લીનાથ સ્તવન )

**ગાથા–૬.**

અહો ચતુરાઇ રે અનુભવ મિત્તની,
અહો તસ પ્રીત પ્રતીત;
અંતરજામી સ્વામી સમીપ તેં,
રાખી મિત્ર શું રીત. ( ૬ ) વીર.

**ભાવાર્થ**:—અહો ! આ અનુભવ મિત્રની,–સખાની ચતુરાઇ ? અહો તેની પ્રીતની પ્રતીત ? અંતરજામી સ્વામી સમીપ તેણે મિત્ર જેવી જ રીત રાખી.

આ અનુભવ મિત્ર મહાકુશળ–ચબરાક મિત્ર છે અને તેની પ્રીતિ પણ ખરેખરી છે. તેની પ્રગટ પ્રતીતિ–ખાત્રી ઊપજી છે, કારણકે અંતર્યામી સ્વામી સમીપે પહોંચી તેમની સાથે તેણે મિલાપ કરાવી આપી મિત્રની રીત રાખી છે. મિત્રનું આચરણ કરી દેખાડી મિત્રધર્મ બજાવ્યો છે. લોકવ્યવહારમાં પણ પ્રેમી ને પ્રિય જનનો મિલાપ કરાવી આપે તેણે મિત્ર ધર્મ બજાવ્યો એમ કહેવાય છે તેમ અમે " આનંદઘનની શુદ્ધ ચેતનાએ પ્રભુને પ્રિયતમ કરી માન્યા છે ને પ્રિયતમનો મેલાપ કરાવી આપનાર બન્નેની સંધિ જોડાણ કરાવી આપનાર અનુભવ મિત્ર છે એટલે તેના માટેના આ પ્રશંસોદ્ગાર અત્યંત સમુચિત છે–રૂપક દૂર કરીને વિચારીએ તો વિશિષ્ટ આત્માનુભવ રૂપ સામર્થ્ય યોગથી આત્મા પરમાત્મા સાથે એકત્વ અનુભવે છે, પરમાત્મ-પદને પામે છે.

**ગાથા–૭.**

અનુભવ સંગે રે રંગે પ્રભુ મળ્યા,
સફળ ફળ્યા સવિ કાજ;
નિજપદ સંપદ જે તે અનુભવે.
આનંદઘન મહારાજ ( ૭ ) વીર.

**ભાવાર્થ**:—આમ અનુભવના સંગથકી–તન્મય-તારૂપ–આત્મોલ્લાસમય રંગમાં–રંગમહેલમાં અથવા દઢ ભાવ–રંગે કરીને પ્રભુરૂપ પ્રિયતમનું મિલન થયું, પ્રભુ મળ્યા એટલે શુદ્ધ આત્મસ્વરૂપના ભોગ–રમણરૂપ સર્વ કાજ સફળ ફળ્યા કૃતકૃત્યપણું થયું એટલે પછી આનંદઘન મહારાજ નિજ પદની, શુદ્ધ આત્મસ્વરૂપની જે સંપદ છે તે અનુભવે છે–સ્વસ્વરૂપમાં રમણ વિલાસ કરી રહ્યા છે. ૐ શાંતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી પોતાના શિષ્ય મંડળ સાથે અત્રે મારવાડીના વંડે બિરાજે છે.

×

મહારાજશ્રીના શિષ્યો તેમજ શ્રાવક સમુદાયના વર્ષીતપના પારણાં અક્ષય તૃતીયાના રોજ ધામધૂમપૂર્વક થયા હતાં.

×

વર્ષીતપને અંગે શેઠ ભોગીલાલ મગનલાલભાઈ, શા જેચંદ છગનલાલ, વોરા મૂળચંદ ગોરધન તથા શા ખીમચંદ છગનલાલ વગેરે તરફથી અત્રેના મોટા દેરાસરમાં અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યો હતો.

×

અત્રેની મહાલક્ષ્મી મીલ્સ લી. ના વડા મેનેજર શેઠ શ્રી રમણીકલાલ ભોગીલાલભાઇ તરફથી પાંચ વર્ષમાં રૂપિયા એક લાખ મજૂર કલ્યાણ કેન્દ્રની યોજનામાં વાપરવાનું નક્કી કર્યું છે. આ કેન્દ્રના મકાનનું ખાતમુહૂર્ત ગોહેલવાડ વિભાગના કલેકટર શ્રી જાદવજી મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું.

×

વડોદરા સંસ્કૃતિરક્ષક સાહિત્ય મંડળના સ્થાપક સાહિત્યકાર ડૉ. ત્રિભોવનદાસ લહેરચંદભાઈએ ૭૦ વર્ષની વૃદ્ધવયે વર્ષીતપની તપસ્યા નિર્વિઘ્નપણે પૂરી કરી છે અને કાવી ગંધાર પ્રાચીનતીર્થ ધામે વૈશાક શુદિ ત્રીજના રોજ પારણું કર્યું હતું. તેઓ સુખશાતામાં છે.

## શ્રી આત્મારામજી મહારાજની જન્મ જયન્તિ.

પરમપૂજ્ય ગુરુદેવ, પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી( આત્મારામજી ) મહારાજની જન્મ જયન્તિ ચૈત્ર શુદિ ૧ વાર શનિવારના રોજ રાબેતા મુજબ આ સભા તરફથી શ્રી સિદ્ધાચળજી તીર્થ ઉપર ખૂબ ઉત્સાહપૂર્વક ધામધૂમથી ઊજવવામાં આવી હતી.

આ પ્રસંગે આત્માનંદ સભાના હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભાસદો, ગુરુદેવના વખાણનારાઓ તથા સ્ટાફના માણસો પાલીતાણાખાતે સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. આ દિવસે શત્રુંજયગિરિ ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં જ્યાં આગળ ગુરુદેવની મૂર્તિ બિરાજમાન છે ત્યાં યથાવિધિ પૂજા તથા આંગીથી ગુરુભક્તિ કરવામાં આવી હતી.

બપોરે ત્રણને શુમારે હાજર રહેલા બંધુઓનું પ્રીતિભોજનથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. સૌ 'ગુરુદેવની જય 'ના જયઘોષો વચ્ચે છૂટા પડ્યા હતા.

## વિહાર સમાચાર.

પંજાબકેશરી આચાર્યવર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી મહારાજ પોતાના શિષ્ય મંડળ સાથે અમૃતસરથી વિહાર કરીને ગામે ગામ ઉપદેશ કરતા ઉદયસર થઇને બિકાનેરની બહાર સોહનકોઠી પધાર્યા હતા. અહિંયા ચૈત્ર શુદિ એકમના રોજ સ્વ. ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જન્મ જયન્તિ, પૂજા તથા ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવી હતી.

બિકાનેરમાં આચાર્યમહારાજની મુનિમંડળ સાથે ભારે ધામધૂમપૂર્વક પધરામણી થઇ હતી જે વખતે સામૈયામાં બધા ગચ્છના નરનારીયો ઉપસ્થિત થયા હતા. શ્રીમાન દિવાન સાહેબના પ્રમુખપણા હેઠળ મહાવીર જયન્તિ ઊજવવામાં આવી હતી. ત્રણે ફિરકાના શ્રાવકો ઉપરાંત અધિકારી વર્ગ ઉપસ્થિત થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર-સમાલોચના

**ईन्दुदूतम् ( खण्डकाव्यम् )**

ઉપા૦ શ્રી વિનયવિજય ગણિવરે રચેલ આ ખંડકાવ્ય પર સુંદર ટીકા રચી શ્રી વૃદ્ધિ-નેમિ-અમૃત ગ્રંથમાળાનું આ આઠમું પુસ્તક બહાર પડયું છે. આ કાવ્ય પર ટીકા રચી મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજે વિસ્તારથી પરિચય કરાવ્યો છે અને "પ્રકાશ" નામની વિદ્વત્તાપૂર્ણ ટીકા રચી છે તે વાંચવાથી વાંચકોને પુસ્તકની ખૂબી અને મહત્તા સમજાશે. ૧૫૮ પાનાના પાકી બાંધણી, સુંદર છપાઇ તથા ભાવવાહી અને આકર્ષક જેકેટ સાથેના આ પુસ્તકની કિમ્મત રૂપિયા બે છે. કાવ્યરસિક વિદ્વાનો આ ખંડકાવ્યનો આસ્વાદ કરે અને ઉન્નતિ સાધે એ જ પ્રકાશકનો હેતુ છે. પ્રાપ્તિસ્થાન-શા બાલુભાઇ રૂગનાથ, જમાદારની શેરી, ભાવનગર.

**નિહ્નવવાદ—**

ઉપલી ગ્રંથમાળાનું આ દસમું પુસ્તક છે. મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજે રોચક શૈલીથી લખ્યું છે. આ નિહ્નવવાદ લેખરૂપે ટુકડે ટુકડે "જૈન સત્ય પ્રકાશ" માસિકમાં પૂર્વે પ્રગટ થયો હતો, તે આજે પુસ્તકરૂપે પ્રગટ થાય છે. આ નિહ્નવો દર્શન-જગતના સામાન્ય બહારવટીઆ જેવા છે. તેઓ માર્ગભૂલેલા પ્રવાસીઓની સામે લાલ બત્તી ધરી રાખીને તેમને માર્ગદર્શન કરાવે છે. પાકી બાંધણી, સુંદર છપાઇ સાથેના ૩૨૮ પાનાના આ પુસ્તકની કિમ્મત ત્રણ રૂપિયા છે. ભાવનગરનિવાસી શેઠશ્રી નથુભાઇ દેવચંદ તરફથી તે ભેટ અપાય છે. તેમાં શ્રી નથુભાઇનો ફોટો રજુ થયો છે. ઉદાર દિલના આ સજ્જન પોતાની સકમાઇનો ઉપયોગ જ્ઞાનપ્રચારના કાર્યમાં વધુ ને વધુ કરતા રહે એ જ અમારી ભાવના છે.

**શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્—**

ઉપલી ગ્રંથમાળાનું આ પાંચમું પુસ્તક છે. સૂત્રકાર શ્રી ઉમાસ્વાતિજીના આ સૂત્રનો અનુવાદ આચાર્યમહારાજ શ્રી વિજયામૃતસૂરિજી મહારાજના શિષ્યરત્ન મુનિ શ્રી રામવિજયજી મહારાજે કર્યો છે. વિવેચનકાર શ્રીયુત્ ગાંધી ચીમનલાલ દલસુખભાઇ B. Com છે અને પ્રકાશક શ્રી જૈન સાહિત્ય વર્ધક સભા છે. સુંદર છપાઇ, પાકી બાંધણી, ૨૭૫ પાનાનું આ પુસ્તક જિજ્ઞાસુ અને મુમુક્ષુગણને અર્પણ કરવામાં આવ્યું છે. તેની કિમ્મત રૂપિયા ત્રણ છે. જૈન ધર્મ સંબંધી માહિતી મેળવવા ઇચ્છતા જૈન જૈનેતરોને આ પુસ્તક વાંચવાની ભલામણ કરી શકાય. જૈન સાહિત્યમાં આ પ્રકાશન સારો ઉમેરો કરે છે. પ્રાપ્તિસ્થાન-શા બાલુભાઇ રૂગનાથ, જમાદારની શેરી, ભાવનગર.

**તપ વિધિ સંગ્રહ—**

શ્રી વિજયદાનસૂરીશ્વર જૈન ગ્રંથમાળા ( ગોપીપુરા-સુરત ) તરફથી આ પુસ્તિકા બહાર પાડવામાં આવી છે. તેમાં નવપદ, વીસ સ્થાનક, અક્ષયનિધિ તપ વિધિ સહિત, સ્નાત્ર પૂજાનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિધિ સહિત ઓળી કરનાર બંધુઓ અને બ્હેનો માટે આ ઉપયોગી છે. પોસ્ટેજ સાથે સાત આનામાં મળે છે.

**ગાંધી ગુણ ગીતાંજલી—**

આ પુસ્તિકા મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી ( મહાલક્ષ્મી માતાનો પાડો-પાટણ ગુજરાત ) એ પ્રગટ કરી છે. તેમાં વિદ્વાન મુનિરાજે ગાંધીજીના ગુણો ૧૮ શ્લોકોમાં ગુંથીને તેમાં રજુ કર્યા છે.

**શ્રીમદ્ જિનયશસૂરીશ્વરજી મહારાજ સાહેબની જીવનગાથા.**

શ્રી ખરતરગચ્છના ઊપલા આચાર્ય મહારાજની જીવનગાથા શ્રી ગુલાબ મુનિએ રોચક ભાષામાં લખી છે. તેના સંસ્કારક શ્રી ફુલચંદ હરીચંદ દોશી મહુવાકર છે; જ્યારે પ્રકાશક ઝવેરી ઝવેરચંદ કેસરીચંદ, ( શ્રી મહાવીર જૈન મંદિર પાયધુની-મુંબાઇ ) છે. આ પુસ્તક બોધકદાયક હોવા ઉપરાંત સુવાચ્ય છે. સદ્ગુણ ગ્રહણાર્થે ઉપલા ઠેકાણેથી સૌ કોઇને વિના મૂલ્યે મળી શકશે.

**સંસ્કૃતિનો સંદેશ અને બીજા લેખો.**

શ્રી લોકકલ્યાણ ગ્રંથમાળાનો ૯૦ પાનાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંચવા લાયક વિવિધ લેખો સાથેનો આ પહેલો ગ્રંથાંક છે. લેખક મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ છે. પ્રકાશક શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર ( પાલીતાણા–કાઠીયાવાડ ) છે. આ અંકની કિમ્મત બાર આના છે.

**દેવવંદનમાલા.** ( વિધિ સહિત )

લગભગ ૨૬૦ પાનાનું પાકી બાંધણી, સુંદર છપાઇ સાથેનું આ પુસ્તક શ્રી જસવંતલાલ ગિરધરલાલ શાહ ( રૂપાસુરચંદની પોળ–અમદાવાદ ) તરફથી મળ્યું છે. તેમાં વિદ્વાન આચાર્યો, પંડિતો વગેરેના રચેલા દેવવંદનો, મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું ગણણું તેમજ ચૈત્રી પૂનમની કથા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. અઢી રૂપિયાની કિમ્મતનું આ પુસ્તક ભાવિક જૈન ભાઈ બ્હેનોને ઉપયોગી થઇ પડે એવું છે.

**નમસ્કાર મહામંત્ર.**

શ્રી વિજયકમળસૂરીશ્વરજી ગ્રંથમાળાનો આ નવમો મણકો છે, જે વિદ્વાન મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે પોતાની લાક્ષણિક શૈલીથી લખ્યો છે અને શ્રી કેશરબાઇ જૈન જ્ઞાનમંદિર ( નગીનભાઈ હૉલ–પાટણ ) તરફથી પ્રગટ કરવામાં આવ્યો છે. આ બીજી આવૃત્તિ છે. તે અઢી રૂપિયામાં પ્રકાશક પાસેથી મળી શકે છે. નવકાર મંત્રને ચૌદ પૂર્વના સારરૂપ માનવામાં આવે છે. વિદ્વાન મુનિરાજે નમસ્કાર મંત્રનો મહિમા કથાઓ, સ્તોત્રો અને સજઝાય, ગીતો અને સ્તવનોવડે સમજાવવા કોશીશ કરી છે. નવકાર મંત્ર સર્વ પાપનો નાશ કરનાર છે, સર્વ મંગળોમાં મંગળરૂપ છે. સારા કાગળો પર છપાયેલ પાકી બાંધણી સાથેનું ૩૮૬ પાનાનું આ પુસ્તક દરેક જૈને વાંચીને ઘરમાં વસાવવું જેવું છે. જે વખતે જૈન યુવકો નાસ્તિકવાદ તરફ ઘસડાતા જાય છે તે વખતે મંત્રાધિરાજ નવકાર મંત્રનું રહસ્ય સમજાવતું આ પુસ્તક આવકારદાયક છે.

**श्री सिद्धहेमदीपिका-प्रकाशः ॥** ( ભાગ બીજો )

મૂળ ગ્રંથ સૂત્રના કર્તા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ ભગવાન છે. તેના પરથી વ્યાકરણના પિપાસુઓ સરળતાથી સમજી શકે તેવું ગુજરાતી ભાષાંતર વિદ્વાન મુનિરાજ શ્રી મહિમાપ્રભવિજયજી મહારાજે કર્યું છે. આ પુસ્તક આજે બીજા ભાગરૂપે બહાર પડે છે. ૧૪૮ પાનાનું ખીસ્સામાં રહી શકે એવું આ પુસ્તક રૂા. ૧–૧૨–૦માં શ્રી વિજયનેમિસૂરિ જ્ઞાનશાળા( પાંજરાપોળ–અમદાવાદ )માંથી મળી શકે છે.

**મહાવીરસ્વામીનો આચારધર્મ—**

( શ્રી આચારાંગસૂત્રનો છાયાનુવાદ )

કાચી બાંધણી સાથેના ૧૮૦ પાનાના આ પુસ્તકના સંપાદક શ્રી ગોપાલદાસ જીવાભાઈ પટેલ છે અને શ્રી જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ ( ઠે. ગૂજરાત વિદ્યાપીઠ–અમદાવાદ ) એ તેનું પ્રકાશન કર્યું છે. હમણાં આ પુસ્તક સુધારેલીવધારેલી બીજી આવૃત્તિરૂપે બહાર પડે છે. જૈનોના બાર અંગોમાં આચારાંગ સૂત્ર સૌથી પહેલું અને અગત્યનું ગણાય છે. તે જૈનોના તમામ શાસ્ત્રોના સારરૂપ છે. આ પુસ્તક એ સૂત્રના છાયાનુવાદરૂપે છે. તે બે ખંડમાં લેખકે કેટલુંક નિંદાત્મક લખાણ પ્રગટ કર્યું છે. આ પુસ્તકની જ્યારે પ્રથમ આવૃત્તિ બહાર પડી હતી ત્યારે તેની સામે જૈન સમાજમાં ભારે ખળભળાટ મચ્યો હતો અને " જૈન સત્ય પ્રકાશ " માસિકમાં વિદ્વાન જૈનાચાર્યો તથા મુનિરાજોએ વિસ્તારપૂર્વક સચોટ રદીઓ આપ્યો હતો અને વનસ્પતિ તથા ફળના ગર્ભને બદલે લેખકે માંસ અને મત્સ્ય જેવો નિંદનીય અર્થ કરીને જૈન મુનિઓની બદબોઇ કરી છે. લેખકે બીજી આવૃત્તિમાં ઘટતો ફેરફાર કર્યો હોત તો જૈન સમાજને તેમણે ન્યાય કર્યો કહેવાત. પુસ્તકની કિમ્મત ૧–૧૨–૦ છે.

**श्री नमस्कार महात्म्यम्**

આ ગ્રંથ એક વાર અગાઉ છપાઈ ગયો છે. પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના સદુપદેશથી ચાર હસ્તલિખિત પ્રતિઓના આધારે મુનિરાજ શ્રી કાન્તિવિજયજી મહારાજે સંપાદિત કરેલ છે અને કેશરબાઇ જૈન જ્ઞાનમંદિર ( નગીનભાઇ હોલ પાટણ–ગુજરાત ) તરફથી પ્રગટ કરવામાં આવ્યો છે. તેનું મૂલ્ય આના દસ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યક્ષેત્રમાં રસ ધરાવનાર આમજનતાને પણ રસપ્રદ બનશે. આ માસિકમાં આવતી લેખમાળા અને વિશિષ્ટ સંશોધન અને સંપાદનને લગતો સર્વ વિભાગ શાન્તમૂર્તિ આચાર્ય ભગવાન **શ્રી સિદ્ધિસૂરિશ્વરજીના** વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી વિજયમેઘસૂરીશ્વરજીના મહાનુભાવ શિષ્ય શ્રી ભુવનવિજયજીના વિદ્વાન શિષ્ય મુનિવરશ્રી **જંબૂવિજયજી** મહારાજે આ સભા ઉપર કૃપા કરી તે ભાર સ્વીકારી લીધો છે. આ અંકમાં તેમજ હવે પછીના માસિકમાં તે માટેના લેખો આવે તે વાંચવા જૈન બંધુઓ બ્હેનોને નમ્ર સુચના છે. જેમ બને તેમ વેળાસર અમારા તરફથી છપાવવાનું કામ શરૂ થશે.

---

## ૨ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. ( છપાય છે. )

શ્રીમાન દેવભદ્રાચાર્યકૃત ૧૧૦૦૦ હજાર શ્લોકપ્રમાણુ, પ્રાકૃત ભાષામાં બારમા સૈકામાં રચેલો તેનું આ ભાષાંતર છપાય છે. આ ચરિત્ર ગ્રંથકર્તા આચાર્ય મહારાજની વિદ્વત્તાપૂર્ણ સુંદર, અનુપમ, અલૌકિક રચના છે. આટલો મ્હોટો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગ્રંથ બીજો નથી. તેમ આવી મહત્વપૂર્ણ ચરિત્ર રચના ભાગ્યેજ બીજા ગ્રંથમાં હશે. પ્રભુના ભવોના વિસ્તૃત વર્ણન સાથે, પ્રભુના દશ ગણધરોના પૂર્વભવોના ચરિત્રો સાથે આપવામાં આવેલ છે. સાથે અનેક અંતર્ગત કથાઓ અને ઘણા જાણવા યોગ્ય વિવિધ વિષયો પણ આપેલા છે. આ એક અપૂર્વ કૃતિ છે. ૬૫ ફોર્મ સાડા પાંચસેંહ પૃષ્ઠ, અને આકર્ષક અનેક રંગીન ચિત્રો, મજબુત બાઇન્ડીંગવડે તૈયાર કરવામા આવશે.

---

## ૩ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. ( છપાય છે. )

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું એમ આ ચરિત્રને લગતા ઘણા ગ્રંથો જોવાથી જણાય છે. મહાસતી દમયંતીનો અધિકાર–દમયંતી ચરિત્ર, દમયંતી પ્રબંધ ન કથાનક, નળચમ્પુ નળચરિત્ર, નળદમયંતી ચરિત્ર, નળવિલાસ નાટક, નળાયન મહકાવ્ય" વગેરે શ્રી જૈનાચાર્યના તેમજ જૈનેતર વિદ્વાનોના કૃતિમાં જોવામાં આવે છે. તેમજ ત્રિષષ્ઠિશ્લાકાપુરૂષ ચરિત્ર, વસુદેવહિંડી, પાંડવચરિત્ર, કુમારપાળ પ્રતિબોધ, સંઘપતિચરિત્ર, વગેરે ગ્રંથોમાં પણ સંક્ષિપ્તમાં આ વૃત્તાંત છે; તે સર્વેના કરતા શ્રી નલાયન મહાકાવ્ય ગ્રંથ જેના રચયિતા વિદ્વાન પૂર્વાચાર્ય શ્રી **માણિક્યદેવસૂરિની** કૃતિ સંસ્કૃત ભાષામાં સં. ૧૪૬૪ની સાલમાં બનાવેલ ૪૦૫૦ શ્લોક પ્રમાણમાં છે તે રચના સુંદર, રસિક અને વિસ્તારપૂર્વક અધિકારવાળી છે, તેનો શુદ્ધ અને સરળ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ ગ્રંથમાં અન્ય સ્થળેથી લઇને સતી દમયંતીનો પૂર્વ અને પછીના ભવનું સંક્ષિપ્ત વર્ણન આપવામાં આવશે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતીભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, દમયંતીના ધર્મો, રાજ્યનીતિ, વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને અનુભવ મેળવવાના ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્ભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. જૈન નરરત્ન પરમ ધર્મ શ્રદ્ધાળુ, ઉદાર નરવીર શ્રીયુત **મણિલાલ વનમાળીદાસે** પોતાના પ્રિય બ્હેન ધર્મપ્રેમી સદ્‌ગત **સૂરજ** બ્હેનના સ્મરણાર્થે સિરીઝ તરીકે પ્રસિદ્ધ કરવા પોતે જ એક સારી રકમ સભાને સુકૃતની મળેલી લક્ષ્મીનું જૈન સાહિત્ય સેવા માટે આપી મનુષ્ય જન્મનું સાર્થક કરેલ છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

છપાય છે.

૪ કથારત્નકોષ ગ્રંથ—શ્રીમાન્ દેવભદ્રાચાર્ય મહારાજે ( સંવત ૧૧૫૮ માં પ્રાકૃત ભાષામાં રચેલો છે, જેમાં સમ્યકૃત્વ આદિ તેત્રીશ સામાન્ય ગુણો અને પાંચ અણુવ્રત આદિ વિશેષ ગુણોને લગતા ૫૦ વિષયો સાથે તેની મૌલિક, સુંદર પઠનપાઠન કરવા જેવી કથાઓ વાચકોની રસવૃત્તિ આખો ગ્રંથ વાંચતા નિરસ ન કરે તેવી સુંદર રચના આચાર્ય મહારાજે કરી છે. આ ગ્રંથમાં આવેલ ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેને લગતા ગુણદોષો, લાભ-હાનિતું નિરૂપણ, આચાર્ય મહારાજે એવી સુંદર પદ્ધતિ-સંકલનાથી કર્યું છે કે જેથી આ ગ્રંથની અનુપમ, અમૂલ્ય અપૂર્વ રચના બનેલ હોવાથી તે અપૂર્વ સાહિત્ય ગ્રંથ ગણાયો છે. આ સુંદર ગ્રંથ મૂળ અમોએ પ્રસિદ્ધ કર્યો છે, જેની મૂળ કિંમત રૂા. ૮-૮-૦ છે. જેનું આ સરલ શુદ્ધ ભાષાંતર પણ સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજની દેખરેખ નીચે થયેલ છે. તે ગ્રંથના પાના શુમારે પાંચસેંહ ઉપરાંત થશે.

( યોજનામાં )

૫ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર. ૬ શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર ભાષાંતરો થાય છે. નં. ૪-૫-૬ માં આર્થિક સહાયની અપેક્ષા છે.

## દેવસી-રાઇ (બે) પ્રતિક્રમણાદિ મૂળ સૂત્રો.

### સૂત્રોની સંક્ષિપ્ત સમજ સાથે.

હાલ અમારા તરફથી ઉપરોક્ત દેવસી-રાઇ પ્રતિક્રમણ સૂત્રની બુક પ્રગટ કરવામાં આવી છે. નિરંતરની શ્રાવક-શ્રાવિકા માટેની આ આવશ્યક ક્રિયા હોવાથી આવી સખ્ત મોંઘવારી હોવા છતાં અમારા ઉપર ઘણી માગણી આવવાથી ઉંચા કાગળો ઉપર સુંદર મ્હોટા ગુજરાતી ટાઇપમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. કિંમત માત્ર રૂા. ૦-૧૦-૦ દશ આના પોસ્ટેજ જુદું.

જૈન કન્યાશાળા, પાઠશાળાઓએ આ લાભ સત્વર લેવાની જરૂર છે. સામટી નકલ લેનાર ધાર્મિક સંસ્થાને યોગ્ય કમીશન આપવામાં આવશે.

## શ્રીમાન્ હરિભદ્રસુરિ વિરચિત શ્રી ધર્મબિંદુ ગ્રંથ.

### ( મૂળ અને મૂલ ટીકાનાં શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત. )

આ ગ્રંથના મૂળ કર્ત્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે, શ્રી મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના સાધારણ અને વિશેષ ધર્મો, મોક્ષનું સ્વરૂપ અને તેના અધિકારી વગેરે વિષયો બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે, અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યું છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિ ધર્મને વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરનારા આ ગ્રંથ રચવામાં આવ્યો છે. જે વાચક જૈન ધર્મના આચાર, વર્તન, નીતિ, વિવેક અને વિષયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યોને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ-સ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે. સુમારે ચારસેંહ પાનાના આ ગ્રંથની કીંમત માત્ર રૂા. ૨-૦-૦

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only